અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ ઓગસ્ટ ૨૦૨૩, રવિવાર
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ સુદ ચોથ
વર્ષ : ૧૫
અંક : ૨૫
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ન્યૂઝ બ્રિફ

## ટ્રમ્પ ફુલટન કાઉન્ટી જેલમાં આત્મસમર્પણ કરી શકે છે



। વોશિંગ્ટન, તા.૧૯ ।

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ચૂંટણી પરિણામોના સંદર્ભમાં આવતા અઠવાડિયે ફુલટન કાઉન્ટી જેલમાં આત્મસમર્પણ કરી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને અન્ય ૧૮ આરોપીઓ પર ૨૦૨૦ની રાષ્ટ્રપતિની ચૂંટણી દરમિયાન જ્યોર્જિયા ચૂંટણી પરિણામોને પલટાવવાનો પ્રયાસ કરવાનો આરોપ છે. સોમવારે આ મામલામાં આરોપ નક્કી કરવામાં આવ્યા હતા અને ટ્રમ્પ સહિત તમામ આરોપીઓને ૨૫ ઓગસ્ટ સુધીમાં આત્મસમર્પણ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. આગામી વર્ષે યોજાનારી યુએસ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટી તરફથી ડોનાલ્ડ ટ્રમ્પ મુખ્ય ઉમેદવાર છે. રાષ્ટ્રપતિની ચૂંટણીની પ્રથમ ચર્ચા બુધવારે થવાની છે. હવે જ્યોર્જિયા ચૂંટણી પરિણામોને પલટાવવાના મામલામાં આત્મસમર્પણને કારણે ટ્રમ્પ આ પ્રથમ ચર્ચામાં ભાગ લઈ શકશે નહીં.

### ભારતીય રિઝર્વ બેંકનું નવું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું

# RBIની લોન લેવાનું સરળ બનશે, મિનિટોમાં લોનની માહિતી મળશે

## આ પોર્ટલની મદદથી ફીક્સન લેસ ક્રેડિટ મેળવી શકાય છે, દરેક વર્ગના લોકોને એક્સેસ આપશે, પબ્લિક ટેક પ્લેટફોર્મ એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ પ્લેટફોર્મ છે

। નવી દિલ્હી, તા.૧૯ ।

ભારતીય રિઝર્વ બેંકનું નવું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ આરબીઆઈ લોન મેળવવાનું સરળ બનાવવા માટે રજૂ કરવામાં આવ્યું છે. આ અંતર્ગત ધિરાણકર્તાઓને લોનની સુવિધા જેટલી જલ્દી બને તેટલી જલ્દી આપવામાં આવશે. આ સાથે આ પોર્ટલ મિનિટોમાં લોન સંબંધિત તમામ માહિતી પણ આપશે. ભારતીય રિઝર્વ બેંકના આ પોર્ટલની મદદથી ફીક્સન લેસ ક્રેડિટ મેળવી શકાય છે. આ પોર્ટલ દરેક વર્ગના લોકોને એક્સેસ આપશે. આ પબ્લિક ટેક પ્લેટફોર્મ એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ પ્લેટફોર્મ છે, જે કેન્દ્રીય બેંકની સંપૂર્ણ માલિકીની પેટાકંપની રિઝર્વ બેંક ઈનોવેશન હબ દ્વારા ડેવલપ કરવામાં આવ્યું છે. તેમાં એક ઓપન આર્કિટેક્ચર, ઓપન એપ્લીકેશન પ્રોગ્રામિંગ ઈન્ટરફેસ (API) અને ધોરણો પણ હશે. આ અંતર્ગત નાણાકીય ક્ષેત્રના તમામ લોકો પ્લગ એન્ડ પ્લે મોડલમાં જોડાઈ શકે છે. આ પોર્ટલ લોન પ્રક્રિયાને સરળ બનાવવાની સાથે યુઝર્સના ડેટાને રજિસ્ટર કરે છે અને લોન સંબંધિત સાચી માહિતી પ્રદાન કરે છે. ધિરાણકર્તાઓને ક્રેડિટ અથવા લોન મંજૂર કરતા પહેલા ઘણી વખત માહિતીના કેટલાક સેટની જરૂર પડે છે.



**ધિરાણની કિંમતમાં ઘટાડો થશે અને લોન શક્ય તેટલી વહેલી તકે ઉપલબ્ધ થશે : RBI**

**હાલમાં લોનની મંજૂરી માટે જરૂરી ડેટા કેન્દ્ર અને રાજ્ય સરકારો, એકાઉન્ટ એગ્રીગેટર્સ, બેંકો અને ક્રેડિટ માહિતી બ્યુરો જેવી વિવિધ સંસ્થાઓ પાસેથી આ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે. આવી સ્થિતિમાં જો કોઈ લોન લેવા માંગે છે, તો તેને પ્રક્રિયામાં વધુ સમય લાગશે નહીં. આ સાર્વજનિક પ્લેટફોર્મને કારણે જરૂરી ડિજિટલ માહિતી સરળતાથી મેળવી શકાય છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જણાવ્યું છે કે પ્લેટફોર્મને માહિતી આપનારા સુધી પહોંચ અને ઉપયોગના મામલા બંનેની દ્રષ્ટિએ એક કેલિબ્રેટેડ ફેશનમાં એક પાઇલટ પ્રોજેક્ટ શરૂ કરવાનો છે. આરબીઆઈનું કહેવું છે કે આનાથી ધિરાણની કિંમતમાં ઘટાડો થશે અને લોન શક્ય તેટલી વહેલી તકે ઉપલબ્ધ થશે. પાયલોટ પ્રોગ્રામ દરમિયાન પ્લેટફોર્મ લોન લેનાર દીઠ ૧.૬ લાખ રૂપિયા સુધીની કિસાન ક્રેડિટ કાર્ડ લોન, ડેરી લોન, એમએસએમઈ લોન, વ્યક્તિગત લોન અને સહભાગી બેંકો દ્વારા હોમ લોન જેવા ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરશે.**

### કોંગ્રેસે ટ્વિટર હેન્ડલ પર તસવીરો શેર કરી

## કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી બાઇક દ્વારા પેંગોંગ લેકની મુલાકાત લીધી

### પૈંગોંગ લેકના આ માર્ગ વિષે મારા પિતા કહેતા હતા કે, તે વિશ્વની સૌથી સુંદર જગ્યાઓમાંથી એક છે : રાહુલ ગાંધી





। લદાખ, તા.૧૯ ।

લદ્દાખની મુલાકાતે ગયેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આજે બાઈક દ્વારા પેંગોંગ લેકની મુલાકાત લીધી હતી. કોંગ્રેસે ટ્વિટર હેન્ડલ પર બાઈક સવાર રાહુલ ગાંધીની તસવીરો શેર કરી હતી. રાહુલ ગાંધીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર કેટલીક તસવીરો પણ શેર કરી હતી.

તસવીરો શેર કરતા રાહુલ ગાંધીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, "પૈંગોંગ લેકના આ માર્ગ વિષે મારા પિતા કહેતા હતા કે, તે વિશ્વની સૌથી સુંદર જગ્યાઓમાંથી એક છે." કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી આજે પૂર્વી લદ્દાખના પેંગોંગ લેક પર બાઈક રાઈડ પર નીકળ્યા હતા, જ્યાં તેઓ પ્રવાસી શિબિરમાં રાત્રી રોકાણ કરશે. કોંગ્રેસના સુત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ૨૦ ઓગસ્ટે પેંગોંગ લેક પર તેમના પિતા અને પૂર્વ પીએમ રાજીવ ગાંધીનો જન્મદિવસ ઉજવશે. રાહુલ ગાંધીએ ગઈકાલે લદ્દાખની તેમની પ્રથમ મુલાકાત દરમિયાન લેહમાં ૫૦૦ થી વધુ યુવાનો સાથે ઈન્ટરેક્ટિવ સેશનનું આયોજન કર્યું હતું.




## ઉદયપુર-ખજુરાહ એક્સપ્રેસના એન્જિનમાં આગથી નાસભાગ

। ઉદયપુર, તા.૧૯ ।

ઉદયપુરથી ખજુરાહો જઈ રહેલી ઉદયપુર-ખજુરાહો એક્સપ્રેસમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. ગ્વાલિયરના સિથોલી સ્ટેશન પાસે ટ્રેનના એન્જિનમાં આગ લાગી હતી, જે બાદ મુસાફરોમાં હોબાળો મચી ગયો હતો. આગની જાણ થતાં જ લોકો પાયલોટે સિથોલી પાસે ટ્રેન રોકી અને કંટ્રોલ રૂમને જાણ કરી હતી. આ પહેલા બેંગલુરુના ક્રાંતિવીરા સંગોલ્લી રાયન્ના (કેએસઆર) રેલવે સ્ટેશન પર આજે સવારે ઉદ્યાન એક્સપ્રેસ ટ્રેનમાં પણ આગ લાગી ગઈ હતી. માહિતી મળતાની સાથે જ ગ્વાલિયરથી ફાયર સ્ટાફને તાત્કાલિક સ્થળ પર મોકલવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડે ઘટના સ્થળે પહોંચી આગ ઓલવવાની કામગીરી શરૂ કરી હતી. ફાયર સ્ટાફ આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. એન્જિનમાં આગ લાગવાને કારણે ટ્રેનોની અવરજવરને પણ અસર થઈ રહી છે. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. મળેલ માહિતી મુજબ ઉદયપુર ખજુરાહો એક્સપ્રેસ ગ્વાલિયર સ્ટેશન પર તેના નિર્ધારિત સમય ૧૨:૧૪ મિનિટના બદલે ૧૨:૩૫ મિનિટ મોડી પહોંચી હતી. આ પછી ટ્રેન ૧૨:૪૫ વાગ્યે ઝાંસી માટે રવાના થઈ હતી. જ્યારે તે ગ્વાલિયર સ્ટેશનથી લગભગ ૭ કિમી દૂર સિથોલી સ્ટેશન પાસે પહોંચી ત્યારે તેના એન્જિનમાં આગ લાગી ગઈ હતી.

### ભારતનો વિકાસ દર ઘટ્યાનો મૂડીસનો દાવો

## મૂડીસ દ્વારા ભારતીય અર્થતંત્રની પ્રસંશા, બીએએ૩ રેટિંગ જાળવ્યું

। નવી દિલ્હી, તા.૧૯ ।

ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે અને તેને વિશ્વ બેંકથી લઈને આઈએમએફસુધીની તમામ રેટિંગ એજન્સીઓએ સ્વીકારી છે. હવે વૈશ્વિક રેટિંગ એજન્સી મૂડીસતરફથી પણ ભારતીય અર્થતંત્ર માટે સારા સમાચાર આવ્યા છે. મૂડીસએ ભારતીય અર્થતંત્રની પ્રશંસા કરતા બીએએ૩ રેટિંગ જાળવી રાખ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વિકાસ દર ઘટ્યો છે.

લાંબા સમયથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધને કારણે જ્યાં યુરોપના ઘણા દેશોની અર્થવ્યવસ્થા ખરાબ સ્થિતિમાં છે, ત્યાં ભારત શાનદાર વિકાસ દર સાથે આગળ વધી રહ્યું છે. મૂડીસઈન્વેસ્ટર્સ સર્વિસે ગઈકાલે જાહેર કરેલા તેના અહેવાલમાં ભારતીય અર્થતંત્રમાં વિશ્વાસ જાળવી રાખીને ભારતનું રેટિંગ અને આઉટલુક યથાવત રાખ્યો છે. મૂડીસના મતે ભારતીય અર્થવ્યવસ્થા આ ગતિએ આગળ વધતી રહેશે.

આ સાથે રેટિંગ એજન્સીએ ભારતના લાંબા ગાળાના સ્થાનિક અને વિદેશી ચલણ રેટિંગ તેમજ સ્થાનિક-ચલણ સિનિયર અસુરક્ષિત રેટિંગ બીએએ૩ પર જાળવી રાખ્યું છે. આ ઉપરાંત ભારતના ટૂંકા ગાળાનું સ્થાનિક ચલણ રેટિંગ પણ P-3 પર સ્થિર રાખવામાં આવ્યું છે.

### કોલ ડિસ્કનેક્શન સંબંધિત ફરિયાદોમાં વધારો થયો

## ટેલિકોમ સેવાઓની ગુણવત્તાના હાલના ધોરણોની સમીક્ષાની જરૂર

। નવી દિલ્હી, તા.૧૯ ।

ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઈએ ગઈકાલે જણાવ્યું હતું કે, કોલ ડિસ્કનેક્શન સંબંધિત ફરિયાદોમાં વધારો થવાને કારણે ટેલિકોમ સેવાઓની ગુણવત્તાના હાલના ધોરણોની સમીક્ષા કરવાની જરૂર છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, જિલ્લા સ્તરે ટેલિકોમ નેટવર્કની કામગીરી ચકાસવા માટે સેવાના ધોરણોની ગુણવત્તાની સમીક્ષા કરવી પડશે. આ સિવાય હવે આપણે ૪જી અને ૫જી સેવાઓને તેના દાયરામાં લાવવા વિશે વિચારવું પડશે.

સુધારેલા નિયમોનો મુસદ્દો રજૂ કરતાં નિયમનકારે જણાવ્યું હતું કે, દેશમાં ૪જી નેટવર્કની વ્યાપક જમાવટ અને ૫જી સેવાઓની રજૂઆત છતાં, કોલ ડિસ્કનેક્શન, અવાજમાં પ્રોબ્લેમ અને ધીમી ઈન્ટરનેટ સ્પીડ જેવી ફરિયાદો વધી રહી છે. આ ટેલિકોમ નેટવર્કની ડિઝાઈન અને જરૂરી નેટવર્ક સંસાધનોની ગોઠવણી પર પ્રશ્નો ઉભા કરે છે.



## મહિલા ૧૧ દિવસ બાદ કબરમાંથી જીવતી બહાર નીકળી

। નવી દિલ્હી, તા.૧૯ ।

બ્રાઝીલથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીંયા એક મહિલાને ભૂલમાં જીવતી જ દફનાવી દેવામાં આવી હતી. જે ઘણા દિવસો સુધી તાબુતમાં બેસુધ પડી રહી હતી. આ દરમિયાન મહિલાએ પોતાને બહાર નીકાળવા માટે ઘણી મહેનત કરી હતી. બાદમાં તેની ચીસો સાંભળીને લોકોએ તેને ૧૧ દિવસ બાદ કબરમાંથી જીવતી બહાર નીકાળી હતી. જોકે બાદમાં તેનું મોત નીપજ્યું હતું. ખરેખરમાં વર્ષ ૨૦૧૮માં કબર ખોદીને મહિલાને બહાર નીકાળવામાં આવી તો તેની ફરિયાદ પોલીસને મળી હતી. પોલીસ ત્યારે આ મામલાની તપાસ કરી રહી હતી. હવે ઘણા વર્ષો બાદ દંગ કરી નાંખે તેવું સત્ય સામે આવ્યું છે. આ મહિલાની ઓળખ ૩૭ વર્ષીય રોસાંગેલા મલ્મેડા ડોસ સૈંટોસ તરીકે થઇ છે. એવી જાણકારી પણ સામે આવી રહી છે કે, પૂર્વેત્તર બ્રાઝીલના દાસ નેવેસમાં એક કબ્રિસ્તાનમાં દફનાવેલ એક તાબૂત બહાર નીકાળવામાં આવ્યું તો તેમાથી લોહી મળી આવ્યું હતું. આથી અંદાજો લગાવવામાં આવી રહ્યો છે કે, મહિલાએ પોતાને બહાર નીકાળવા માટે ઘણી બૂમો પાડી હતી. પરંતુ તેની મદદ કરનાર કોઇ નહતું. આ દરમિયાન તેની કલાઇમાં ઈજા પણ પહોંચી હશે. રિપોર્ટ અનુસાર, કબ્રિસ્તાનની આસપાસ રહેનારા લોકોએ રિયાચાઓના પરિવારને જણાવ્યું કે, તેની કબ્રથી બૂમો અને ચીસો સંભળાતી હતી. ત્યારે પરિવારજનો તે કબ્રિસ્તાન પાસે પહોંચ્યા અને દફનાવેલા તાબૂતને લોકોની મદદથી બહાર નીકાળવામાં આવ્યું. જ્યારે તાબૂતનું ઉપરનું ઢાંકણું હટાવવામાં આવ્યું તો તેની અંદર રિયાચાઓ જીવતી મળી હતી. જેના પછી મહિલાને તરત જ હોસ્પિટલ લઇ જવાઇ હતી. રિયાચાઓના હાથ અને પગ પર ઈજાના નિશાન હતા. માનવામાં આવી રહ્યું છે કે, તેને તાબૂતથી બહાર નીકળવા માટે ઘણી મહેનત કરી હતી. જોકે તેની હાલત એટલી ખરાબ હતી કે તેનું આગામી દિવસે જ મોત નીપજ્યું. તમને જણાવી દઇએ કે, રિયાચાઓ પરિણીત હતી. તેને કોઇ બાળકો ન હતા. તેને સાત વર્ષની ઉંમરથી જ ચક્કર આવવાની સમસ્યા હતા. જેના કારણે તે દવાઓ પણ લઇ રહી હતી. જેના કરાણે જ તે એક દિવસ બેભાન થઇ ગઇ હતી. જેના પછી લોકોએ તેને મૃત સમજીને દફનાવી દીધી હતી. જોકે વર્ષ ૨૦૧૮માં મહિલાનું ડેથ સર્ટિફિકેટ બન્યું હતું, જેમાં જણાવાયું હતું કે તેનું મોત બે વખત હાર્ટ એટેક અને અંગોના ફેલ થવાના કારણે થયુ છે.



મહારાષ્ટ્રનો પવિત્ર તહેવાર નજીકમાં છે ત્યારે ગણપતિની મૂર્તિ બનાવી રહેલ મહારાષ્ટ્રના કારીગર.

### અમદાવાદ આખા દેશમાં સૌથી સસ્તું

## અમદાવાદીઓ આવકમાંથી ૨૩ ટકા રકમ હોમ લોનના હપ્તા ભરવામાં ખર્ચે છે

### નાઇટ ફ્રેક દ્વારા બહાર પાડવામાં આવેલા અફોર્ડેબીલિટી ઇન્ડેક્સમાં માસિક હપ્તાના આધારે જીવનનિર્વાહને ધ્યાનમાં લેવાયું

। અમદાવાદ, તા.૧૯ ।

કોરોના કાળ બાદ રેપોરેટમાં સતત વધારો થવાના કારણે હોમ લોનના હપ્તા મોંઘા થઈ રહ્યા છે. દેશના ટોચના શહેરોમાં લોકોને મોંઘવારી નડી રહી છે. ત્યારે દેશમાં અમદાવાદ અત્યારે સૌથી સસ્તું શહેર હોવાનું પ્રોપર્ટી કન્સલ્ટન્ટ નાઈટ ફ્રેક ઈન્ડિયાના રિપોર્ટ પરથી જાણવા મળે છે. આ યાદી મુજબ હાલ મુંબઈ દેશનું સૌથી મોંઘું શહેર છે. ત્યારબાદ હૈદરાબાદ, બેંગલોર અને ચેન્નાઈનો ક્રમ આવે છે. રિપોર્ટ મુજબ અમદાવાદીઓ પોતાની આવકમાંથી ૨૩ ટકા રકમ હોમ લોનના હપ્તા ભરવામાં ખર્ચે છે. જ્યારે મુંબઈમાં લોકો પોતાની આવકની ૫૫ ટકા રકમ તેમાં વાપરે છે. નાઈટ ફ્રેક દ્વારા બહાર પાડવામાં આવેલા અફોર્ડેબીલિટી ઈન્ડેક્સમાં માસિક હપ્તાના આધારે જીવનનિર્વાહને ધ્યાનમાં લેવાયું છે. જે તે શહેરમાં પરિવારની આવકમાંથી હોમ લોનના હપ્તા ભરવામાં ખર્ચ થતી રકમની ગણતરી કરવામાં આવી છે. નાઈટ ફ્રેક એફોર્ડેબીલિટી ઈન્ડેક્સ જે તે શહેરમાં ઘરના માસિક હપ્તા ભરવા ઘરની જરૂરી આવકનું પ્રમાણ સૂચવે છે. આ ઈન્ડેક્સમાં ૪૦ ટકાનું લેવલ ધરાવતા શહેરના લોકોને ઘરની હાઉસિંગ લોનના હપ્તા ભરવા પાછળ તેમની આવકનો ૪૦ ટકા ખર્ચ કરવો પડે છે. બીજી તરફ આવકની ૫૦ ટકાથી વધુ હોમ લોનના હપ્તામાં રકમ ભરવામાં આવતી હોય તો તેને અફોર્ડેબલ ગણવામાં આવ્યું નથી. રહેવા માટે મુંબઈ સૌથી મોંઘુ ગણાવાયું છે. મુંબઈમાં હોમ લોનના હપ્તા અને આવકનો રેશિયો ૫૫ ટકા જેટલો ઊંચો છે. એટલે કે, મુંબઈમાં રહેતા સરેરાશ પરિવારો પોતાની આવકમાંથી અડધાથી વધુ રકમ માત્ર હોમ લોનના હપ્તા ભરવાના ખર્ચી નાખે છે. મુંબઈ બાદ હૈદરાબાદને સૌથી મોંઘુ શહેર ગણાવાયું છે. જ્યાં હોમ લોનના હપ્તા અને આવકનો રેસીયો ૩૧ ટકા જેટલો છે. ત્યારબાદ દિલ્હીનો નંબર આવે છે. જ્યાં લોકો પોતાની આવકમાંથી ૩૦ ટકા જેટલી રકમ હોમ લોનના હપ્તા ભરવામાં ખર્ચે છે. ત્યારબાદ કર્ણાટકનું બેંગલોર અને તમિલનાડુનું ચેન્નાઈનો ચોથા ક્રમે સંયુક્ત રીતે છે.

### ગુજરાતમાં ભાજપ ૨૫ વર્ષથી સત્તા પર છે

## ભાજપે ગત વિધાનસભા ચૂંટણીમાં ૨૦૯ કરોડથી વધુનો ખર્ચ કર્યો

### પાર્ટીએ ચૂંટણી પંચને સોંપેલી વિગતોમાં આપી છે : ચૂંટણી સંસ્થા દ્વારા ખર્ચનો અહેવાલ જાહેર કરવામાં આવ્યો

। અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી છેલ્લા ૨૫ વર્ષ કરતા પણ વધુ સમયથી સત્તામાં છે અને પાર્ટીએ છેલ્લી વિધાનસભામાં રેકોર્ડ બ્રેક સીટો મેળવીને જીત નોંધાવી હતી, ત્યારે પાર્ટીએ વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીમાં રુપિયા ૨૦૯ કરોડથી વધુનો ખર્ચ કર્યો હતો. આ માહિતી પાર્ટીએ ચૂંટણી પંચને સોંપેલી વિગતોમાં આપી છે. ચૂંટણી સંસ્થા દ્વારા ખર્ચનો અહેવાલ જાહેર કરવામાં આવ્યો હતો. ગુજરાત ચૂંટણી પરના ૧૫ જુલાઈના રોજ પાર્ટી દ્વારા રજૂ કરવામાં આવેલા મુખ્ય ચૂંટણી ખર્ચના અહેવાલ મુજબ સામાન્ય પાર્ટીના પ્રચાર અને ઉમેદવારોના ભંડોળ પર રૂપિયા ૨૦૯.૯૭ કરોડનો ખર્ચ કર્યો હતો. આ ખર્ચમાં પાર્ટીએ ચૂંટણી લડતા ઉમેદવારોને આશરે રૂપિયા ૪૧ કરોડ ચૂકવ્યા હતા અને એરક્રાફ્ટ અને હેલિકોપ્ટરના ઉપયોગ સહિત મુસાફરી ખર્ચમાં રૂપિયા ૧૫ કરોડથી વધુનો ખર્ચ કર્યો હતો.

### પોલીસ કર્મીના રહસ્યમય મોતનો મામલો

## ગુજરાત હાઈકોર્ટે પોરબંદર SPને સુપરવિઝન કરવા નિર્દેશ આપ્યા

### હાલમાં તપાસ પોરબંદર DySP નિલમ ગોસ્વામી કરી રહ્યા છે તેઓએ આ મામલામાં તપાસ કાર્યવાહી તેજ બનાવી હતી

। અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાત હાઈકોર્ટ દ્વારા આ મામલાની તપાસનુ સુપરવિઝન પોરબંદર SPને સોંપવામાં આવ્યુ છે. DySP કક્ષાના અધિકારી સામે તપાસ હોય અને તેમની જ સમકક્ષ કક્ષાના DySP તપાસ સંભાળી રહ્યા છે, જેને લઈ હાઈકોર્ટે જૂનગઢ રેન્જ આઈજીને લઈ ટકોર કરી છે. જૂનાગઢના પોલીસ કર્મીના રહસ્યમય મોતના મામલામાં પોરબંદર DySP દ્વારા તપાસનો ધમધમાટ શરુ કરવામાં આવ્યો છે. આ દરમિયાન હવે ગુજરાત હાઈકોર્ટ દ્વારા આ મામલાની તપાસનુ સુપરવિઝન પોરબંદર SPને સોંપવામાં આવ્યુ છે. DySP કક્ષાના અધિકારી સામે તપાસ હોય અને તેમની જ સમકક્ષ કક્ષાના DySP તપાસ સંભાળી રહ્યા છે, જેને લઈ હાઈકોર્ટે જૂનગઢ રેન્જ આઈજીને લઈ ટકોર કરી છે. ગુજરાત હાઈકોર્ટમાં મૃતક પોલીસ કર્મીના પરિવારજનો પહોંચ્યા હતા અને જેને લઈ હાઈકોર્ટે તપાસને લઈ સવાલ ઉઠાવ્યા હતા.

## વડોદરામાં ૧૪૨ અધિકારી અને કર્મચારીઓની એકસાથે બદલી

### બઢતી પામેલા ૮૪ સહિત ૧૪૨ નાયબ મામલતદાર ક્લાર્ક અને તલાટીઓને પણ બદલી નાંખવામાં આવ્યા છે

। વડોદરા, તા.૧૯ ।

વડોદરા જિલ્લા વહીવટી તંત્રમાં ૧૪૨ અધિકારીઓ અને કર્મચારીઓની એક સાથે બદલી કરવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી એકજ જગ્યાએ ફરજ બજાવી રહેલા અધિકારી કર્મચારીઓ ની બદલી કરવામાં આવી છે. કલેક્ટર અતુલ ગોર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. બઢતી પામેલા ૮૪ સહિત ૧૪૨ નાયબ મામલતદાર ક્લાર્ક અને તલાટીઓને પણ બદલી નાંખવામાં આવ્યા છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગમાં અર્બન હેલ્થ પ્રાઈમરી સેન્ટર અને અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર માટે સરકારના ભરતીના નિયમો મુજબ ૩૬ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર અને ૩૫ ફીમેલ હેલ્થ વર્કરની સો ટકા ગ્રાન્ટ આધારિત ભરતી કરવામાં આવનાર છે. આ માટે આજથી કોર્પોરેશનની વેબસાઈટ પર તારીખ ૩૧ ઓગસ્ટ સુધી અરજી કરી શકાશે. આ ભરતી પ્રક્રિયા હાલમાં ખાલી રહેલી અને ભવિષ્યમાં ખાલી પડનાર કે ઉભી થનાર જગ્યા માટે કરવામાં આવનાર છે. આ ભરતી પ્રક્રિયા બાબતે અરજીઓની સંખ્યાને ધ્યાનમાં લઈ જગ્યાને અનુરૂપ એલિમિનેશન ટેસ્ટ/સ્પર્ધાત્મક પરીક્ષા/ઈન્ટરવ્યૂ અંગે કોર્પોરેશન નિર્ણય કરશે. આ તમામ જગ્યાના પગાર ખર્ચની નાણાકીય જોગવાઈ ગુજરાત સરકાર દ્વારા થનાર છે, અને તે મુજબ રાજ્ય સરકારને જરૂર જણાય તો પગાર ખર્ચની જોગવાઈ મુજબ ઉમેદવારને રાજ્ય સરકારમાં પ્રતિનિયુક્તિ પર લઈ જઈ શકશે અને સરકારના કોઈપણ સ્થળે ફરજ બજાવવા મૂકી શકશે, એટલે કે આ તમામ જગ્યા બદલી પાત્ર છે. આ ભરતીમાં ખાલી પડનાર કે ગ્રાન્ટ આધારિત નવી ઊભી થનાર જગ્યાની ભરતી પ્રક્રિયા ઉપલબ્ધ પસંદગી યાદી કે વેઈટિંગ લિસ્ટ પૈકી રોસ્ટરનો ક્રમ જાળવીને કરવામાં આવશે. ઉકત ૭૧ જગ્યામાંથી સામાન્ય અને મહિલા માટે ૫૦ બિન અનામત છે. આ તમામ જગ્યાની મંજૂરી રાજ્ય સરકાર દ્વારા ચાલુ નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી અપાઈ છે. આ જગ્યાની મુદત સરકારની મંજૂરીને આધીન રહેશે, અને કોર્પોરેશન ની જવાબદારી નક્કી થશે નહીં. આ જગ્યા ઓ માટે માસિક ફિક્સ વેતનથી પાંચ વર્ષ સુધી અજમાયસી નિમણૂક થશે, ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કરતા નિયત પગાર ધોરણથી નિયમ અનુસાર સમાવી લેવા વિચારણા કરવામાં આવશે .અત્રે એ ઉલ્લેખનીય છે કે કોર્પોરેશનના આરોગ્ય વિભાગમાં હજી થોડા વખત પહેલાં ૧૧ મહિનાના કરાર આધારિત ૫૫૪ વર્કરની ભરતી કરાઈ હતી. જેમાં ૧૦૬ પબ્લિક હેલ્થ વર્કર અને ૪૪૮ પુરુષ વર્કરનો સમાવેશ થતો હતો.

### વિશેષ

### રાજકોટના મેળાનો ઇતિહાસ જોઇએ તો ૧૯૫૩ સુધી શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા લોકમેળાનું શાસ્ત્રી મેદાનમાં ત્રણ દિવસ સુધી આયોજન કરવામાં આવતું હતું

## જન્માષ્ટમીએ દર વર્ષે લોકમેળામાં ઉંચા ફજર ફાળકા સહિતની રંગબેરંગી રાઇડસમાં બેસવાની મોજ લેતા સૌરાષ્ટ્રભરના દસ લાખ લોકો

રંગીલા રાજકોટની આગવી ઓળખ એટલે પ્રતિવર્ષ રેષકોર્ષ મેદાનમાં યોજાતો લોકમેળો. હૈયુ દળાય તેટલો માનવ મહેરામણ આ મેળામાં ઉમટી પડે છે. આખુ વર્ષ જન્માષ્ટમીએ સૌરાષ્ટ્રભરના લાખો લોકો લોકમેળાની રાહ જોતા હોય છે. ઉંચા ઉંચા ફજર, ફાળકા સહિતની રંગબેરંગી રાઈડસમાં બેસવાની મોજ. એક અંદાજ મુજબ દર વર્ષે દસેક લાખ લોકો આ મેળામાં મહાલે છે. નાના બાળકોથી માડીને શતાયુ નાગરિકો સુધીના દરેક રાજકોટવાસી માટે મેળો એ આખું વર્ષ રાહ જોવાનો પ્રસંગ છે જેમ શિયાળો એ આખા વર્ષની તાજગી ભરી લેવાની મોસમ છે, એમ પ્રત્યેક રાજકોટવાસી માટે મેળો એ આખા વર્ષની મસ્તી માણી લેવાનો અવસર છે.





રાજકોટના મેળાનો ઈતિહાસ જોઈએ તો ૧૯૫૩ સુધી શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા લોકમેળાનું શાસ્ત્રી મેદાનમાં ત્રણ દિવસ સુધી આયોજન કરવામાં આવતું હતું. ઉત્સવપ્રિય રાજકોટમાં જન્માષ્ટમીના પાવન પર્વે નિમિત્તે ૧૯૮૪માં રાજ્ય સરકારના યુવક સેવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા ત્રણ દિવસ સુધી શાસ્ત્રી મેદાન ખાતે જ લોકમેળો યોજવામાં આવ્યો. આ આયોજનનું ૧૯૮૫માં પણ પુનરાવર્તન કરાયું ત્યાર બાદ, ૧૯૮૬થી સરકારી અધિકારીશ્રીઓની વિવિધ સમિતિ દ્વારા આયોજનબધ્ધ રીતે લોકમેળો યોજાવાની શરૂઆત થઈ.

આ લોકમેળો રાજકોટની ભાતીગળ ઓળખ બની ગયો છે. શરૂઆતથી શાસ્ત્રી મેદાનમાં યોજાતો આ મેળો વધતા જતાં માનવ મહેરામણના લીધે વર્ષ ૨૦૦૩થી રેસકોર્સ ખાતે યોજવામાં આવે છે. મેળાના સમયગાળો ત્રણ દિવસથી વધારીને પાચ દિવસનો કરવામાં આવ્યો. લોકમેળાના આયોજનના આ વિકેન્દ્રીકરણની લીધે રાજકોટનો મેળો વહીવટી રીતે નમૂનેદાર બન્યો છે. કોરોનાની મહામારી દરમ્યાન જાહેર જનતાના હિતાર્થે ૦૨ વર્ષ મેળો બંધ હતો. અતિ લોકપ્રિય આ લોકમેળામાં અનેક જરૂરિયાતમંદ લોકોને રોજગારી મળે છે. આ સાંસ્કૃતિક લોકમેળામાં પ્લોટ તથા સ્ટોલની ફાળવણી ડ્રો અને હરરાજી જેવી સિસ્ટમથી પારદર્શક રીતે થાય છે. ચાલુ વર્ષે તા. ૦૫ થી ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૩ એમ પાંચ દિવસ સુધી યોજાનારા આ મેળામાં ધંધો રોજગાર કરવા માટે ૩૫૫ સ્ટોલ અને પ્લોટની ફાળવણી લોકમેળા સમિતિ દ્વારા થઈ રહી છે. જે પૈકી રમકડાના ૧૭૮ સ્ટોલ, ખાણીપીણીના ૧૪ સ્ટોલ, મધ્યમ ચકરડીના ૦૪ પ્લોટ, નાની ચકરડીના ૪૮ પ્લોટ ડ્રો સિસ્ટમથી ફાળવવામાં આવશે. જયારે ખાણીપીણીના ૩૭ સ્ટોલ, યાંત્રિકના ૪૪ પ્લોટ, આઈસ્ક્રીમના ૧૬ પ્લોટ, ફૂટ કોર્ટના ૦૩ પ્લોટ, ૦૧ ટી કોર્નર પ્લોટ હરરાજીથી ફાળવવામાં આવશે. લોકમેળામાં લોકોના મનોરંજન માટે વિવિધતાસભર સાંસ્કૃતિક કાર્યક્રમો માટે આકર્ષક ડોમની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. લોકમેળામાં કાયદો વ્યવસ્થાની જાળવણી માટે ૦૩ ડી.સી.પી., ૧૦ એ.સી.પી., ૨૮ પી.આઈ., ૮૧ પી.એસ.આઈ., ૧૦૬૭ પોલીસ, ૭૭ એસ.આર.પી. સહીત કુલ ૧૨૬૬ જેટલા પોલીસ સ્ટાફ તૈનાત કરાશે. આ ઉપરાંત ૧૦૦ ખાનગી સિક્યોરીટી ગાર્ડ ફરજ બજાવશે. જનતાની સુરક્ષા માટે ૧૮ વોચટાવર ઉપર સીસીસી ટીવી કેમેરાથી વોચ રખાશે. લોકોની સુરક્ષા માટે રસરંગ લોકમેળાનો રૂ. ૪ કરોડનો વીમો પણ લેવામાં આવેલ છે. ચાર જગ્યાએ જાહેર શૌચાલયની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રભરના ગામડાઓમાંથી આવતી પ્રજા માટે જુદી જુદી ૧૭ જગ્યાએ ફ્રી પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. લોકમેળામાં લોકોની સુરક્ષા માટે યાંત્રિક રાઈડ્સ ચકાસણી માટે દરરોજ ફિટનેસ સર્ટીફીકેટ મેળવ્યા બાદ જ રાઈડ્સ શરૂ કરવાની મંજુરી અપાશે. લોકમેળામાં પાણી પુરવઠા, યાંત્રિક રાઈડ્સની ચકાસણી, ફાયર સર્વિસ, સફાઈ, આરોગ્ય, ફૂડ એન્ડ ડ્રગ્સ, કાયદો વ્યવસ્થા સહિતની જુદીજુદી સમિતિઓ લોકમેળાના સુચારૂ આયોજન અને અમલીકરણની કામગીરી કરશે. લોકમેળા સમિતિ દ્વારા પ્રાદેશિક માહિતી કચેરીને પ્રદર્શન સ્ટોલ ફાળવાશે, જેમાં રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓને પ્રદર્શિત કરવામાં આવશે. ૧૩ જેટલી સંસ્થાઓને સમાજ ઉપયોગી માર્ગદર્શન માટે વિનામૂલ્યે સ્ટોલની ફાળવણી કરવામાં આવી છે. મહિલાઓ તથા નાના કારીગરોને રોજગારી તથા માર્કેટિંગનું પ્લેટફોર્મ પૂરું પાડવા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, મહિલા આર્થીક વિકાસ નિગમ અને ઈન્ડેક્સ્ટ-સી ને સ્ટોલ ફાળવાયા છે.

દર વર્ષે થતી લોકમેળાની નામકરણ પ્રણાલિ મુજબ આ લોકમેળાને અગાઉ "જમાવટ", "ગોરસ", "અમૃત" સહીતના લોકરૂચિના નામો અપાયા હતા. તાજેતરમાં ચાલુ વર્ષના લોકમેળા માટે ૨૫૨ લોકોએ લોકમેળા માટેના નામો સૂચવ્યા હતા, જેમાં વિપુલ સંઘાણી નામના વ્યક્તિ દ્વારા સૂચવેલ "રસરંગ" નામની પસંદગી થઈ હતી. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર હસ્તકની લોકમેળા સમિતિ દ્વારા આયોજિત આ લોકમેળાની આવક રાજકોટ જિલ્લાના વિકાસકામો માટે ખર્ચવામાં આવે છે. અત્યાર સુધીમાં ઈશ્વરીયા પાર્ક, ઈવનિંગ પોસ્ટ, ઘેલા સોમનાથ, કબા ગાંધીનો ડેલો, વીરપુર મીનળવાવ વગેરે જેવા સ્થળોના વિકાસકામોમાં લોકમેળા સમિતિ દ્વારા કરાયા હતા.

### ટ્રેન મુંબઈથી બેંગલુરુ વચ્ચે ચાલે છે

# કેએસઆર રેલવે સ્ટેશન પર ઉદ્યાન એક્સપ્રેસ ટ્રેનમાં આગ

## આગ લાગવાની આ ઘટના યાત્રીઓ ટ્રેનમાંથી ઉતર્યાના ૨ કલાક બાદ બની હતી, આ દુર્ઘટનામાં કોઈ ઘાયલ નથી થયું

। બેંગલુરુ, તા.૧૯ ।

બેંગલુરુના ક્રાંતિવીરા સંગોલ્લી રાયન્ના (કેએસઆર) રેલવે સ્ટેશન પર આજે સવારે ઉદ્યાન એક્સપ્રેસ ટ્રેનમાં આગ લાગી ગઈ હતી. ફાયર બ્રિગેડની ગાડીઓને તાત્કાલિક ઘટના સ્થળ પર મોકલવામાં આવી હતી અને આગ પર કાબુ મેળવવાનો પ્રયત્ન હાથ ધરાયો હતો. આ ટ્રેન મુંબઈથી બેંગલુરુ વચ્ચે ચાલે છે અને કેએસઆર છેલ્લુ સ્ટેશન છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આગ લાગવાની આ ઘટના યાત્રીઓ



ટ્રેનમાંથી ઉતર્યાના ૨ કલાક બાદ બની હતી. આ દુર્ઘટનામાં કોઈ ઘાયલ નથી થયું. ઘટના સ્થળે પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમ અને એક્સપર્ટ સ્થિતિનો તાગ મળેવી રહી છે. રેલવે અધિકારીઓએ જણાવ્યું કે, મુંબઈના છત્રપતિ શિવાજી ટર્મિનસથી આવતી ટ્રેન નંબર ૧૧૩૦૧ ઉદ્યાન એક્સપ્રેસ આજે સવારે ૫:૪૫ વાગ્યે બેંગલુરુના કેએસઆર રેલવે સ્ટેશન પર પહોંચી હતી. લગભગ ૭:૧૦ વાગ્યે ટ્રેનના કોચ બી-૧ અને બી-૨માંથી ધુમાડો નીકળતો દેખાયો. ત્યારબાદ તાત્કાલિક ફાયર બ્રિગેડને એલર્ટ કરવામાં આવી. સૂચના મળતા જ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી અને આગ પર કાબુ મેળવ્યો. ટ્રેનમાં આગ કયા કારણોસર લાગી તેના વિશે હજું જાણ નથી.

### ઉત્તરપૂર્વ દિલ્હીમાં ચપ્પુબાજોનો ભારે ખોફ

# દિલ્હીમાં એક જ રાતમાં ત્રણ જણા પર ચપ્પુથી હુમલો, એકનું મોત

। નવી દિલ્હી, તા.૧૯ ।

ઉત્તરપૂર્વ દિલ્હીમાં એક જ રાતમાં ત્રણ કુખ્યાત બદમાશોએ લૂંટના ઈરાદે એક પછી એક ત્રણ અલગ અલગ જગ્યા પર હુમલા કર્યા હતા. આટલું જ બદમાશોએ ત્રણ લોકો પર ચપ્પું હુલાવ્યું હતું. તેમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું. જોકે બે લોકોએ કોઈ રીતે છુપાઈને કે અંધારાનો લાભ લઈ પોતાનો જીવ બચાવ્યો હતો. ખરેખર દિલ્હી પોલીસને લૂંટ અને ચાકૂબાજીની ઘટનાનો પ્રથમ કૉલ રાતના ૧૧:૩૩ વાગ્યે આવ્યો હતો. જોકે બીજો કૉલ ૧૨:૩૦ વાગ્યે અને ત્રીજો કૉલ ૧:૦૨ વાગ્યે આવ્યો હતો. બદમાશોએ પ્રથમ શિકાર શેર મોહમ્મદ નામની વ્યક્તિને બનાવી હતી. બદમાશોએ તેને ચપ્પાં માર્યા પરંતુ તે ઘરની અંદર છુપાઈ ગયો અને જેનાથી તેને લૂંટી ના શકાયો. જ્યારે તેના એક કલાક પછી બદમાશોએ ગુફરાન નામની વ્યક્તિને પીઠમાં છરો ભોંક્યો અને તેનો મોબાઈલ ઝૂંટવી લીધો. તેમાં ગુફરાન મૃત્યુ પામી ગયો. ત્યારબાદ બદમાશોએ ત્રીજો શિકાર શારિકને બનાવ્યો. બદમાશોએ શારિકના ગળામાં ચપ્પું માર્યો પણ શારિક એક ઘરમાં ઘૂસી જવામાં સફળ રહ્યો અને તેનો જીવ બચી ગયો.

### કર્ણાટકમાં સરકારની તેના એક નિર્ણય પર પીછેહઠ

# મંદિરોના રિનોવેશન માટેના ફંડને અટકાવવાનો નિર્ણય પાછો ખેંચ્યો

## મંદિરમાં રિનોવેશનનું શરૂ ન થયું હોય, ૫૦ ટકા સુધી પૂરું ન થયું હોય તેવા મંદિરોની ફન્ડિંગને અટકાવી દેવાયું હતું

। બેંગલુરૂ, તા.૧૯ ।

ભાજપ સહિત ચારેકોરથી ટીકાઓનો સામનો કર્યા બાદ કર્ણાટક સરકારે શુક્રવારે મુઝરાઈ ડિપાર્ટમેન્ટના આદેશને પાછો ખેંચી લીધો છે. આ આ દેશમાં મંદિરોને જારી કરવામાં આવતા રિનોવેશનને ફંડને અટકાવી દેવાનો નિર્ણય લેવાયો હતો. જોકે હવે સરકારે આ નિર્ણય રદ કરીને મંદિરોને ફંડ જારી કરવાનો નિર્ણય ચાલુ રાખ્યો છે. કર્ણાટકમાં લગભગ ૩૪૦૦૦ જેટલા મંદિરો આવેલા છે. તેમાંથી એ કેટેગરીમાં ૧૭૫ મંદિરો આવેલા છે જેમની આવક ૨૫ લાખ રૂપિયા વાર્ષિક છે. જ્યારે બી કેટેગરીમાં ૧૫૮ મંદિરો છે અને તેમની આવક ૫ લાખથી ૨૫ લાખ વચ્ચે વાર્ષિક છે. જોકે સી કેટેગરીના મંદિરોની આવક ૫ લાખ જેટલી વાર્ષિક છે. ૧૪ ઓગસ્ટે વિભાગ દ્વારા એક સર્ક્યુલર જાહેર કરાયો હતો જેમાં મંદિરોમાં કરાતા રિનોવેશન માટે ફંડિંગને અટકાવી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમાં જણાવાયું હતું કે જો કોઈ મંદિરમાં રિનોવેશનનું કામ શરૂ ન થયું હોય કે પછી ૫૦ ટકા સુધી પૂરું ન થયું હોય તેવા મંદિરોની ફન્ડિંગને અટકાવી દેવાનો નિર્ણય લેવાયો હતો. જોકે કોંગ્રેસ સરકારના આ નિર્ણયની આકરી ટીકા થઈ હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર વરિષ્ઠ ભાજપ નેતા અને ધારાસભ્ય બાસનગૌડા પાટિલ યતનાલે કહ્યું હતું કે આ સાબિત થઈ ગયું કે સીએમ સિદ્ધારમૈયાની સરકાર હિન્દુવિરોધી છે.



ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આયોધ્યામાં શ્રી રામ જન્મભૂમી તેરથ ક્ષત્ર ખાતે રામ મંદિરના ચાલી રહેલા બાંધકામનું નિરીક્ષણ કર્યું હતું.


### કોંગ્રેસના નેતા લેહ-લદાખની મુલાકાતે છે

# દરેક સંસ્થાનમાં RSS તેના માણસોને રાખી રહ્યું છે : રાહુલ

। લદાખ, તા.૧૯ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી કેન્દ્રશાસિત પ્રદેશ લેહ-લદાખની મુલાકાતે છે. તેઓ અહીં પાર્ટીના નેતાઓની સાથે લદાખની જુદી જુદી જગ્યાઓ પર યુવાઓ સાથે વાતચીત કરશે. તેઓ એલએસીની પણ મુલાકાત લેવાના છે.

 લદાખમાં રાહુલ ગાંધીએ કહ્યું કે આજે દરેક સંસ્થાનમાં આરએસએસ તેના માણસોને રાખી રહ્યું છે. આરએસએસના લોકો જ બધુ ચલાવી રહ્યા છે. એટલું જ નહીં જો તમે કેન્દ્ર સરકારના કોઈપણ મંત્રીને પૂછશો તો તમને જણાવશે કે અસલમાં તે તેમના મંત્રાલય નથી



ચલાવી રહ્યા પણ આરએસએસ દ્વારા નિમાયેલા ઓએસડી ચલાવી રહ્યા છે. એ જ બધુ કરી રહ્યા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ભાગલાવાદ મુદ્દે યુવા કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો સાથે ચર્ચા કરી. તેમના સવાલોના જવાબ આપ્યા. તેમણે કહ્યું કે દેશમાં અમુક રાજકીય લોકો નફરતનો માહોલ બનાવી રહ્યા છે. જો તમે ભારતમાં ચાલશો, જનતા વચ્ચે જશો તો ત્યાં જોશો કે લોકો એકબીજાને કેટલો પ્રેમ કરે છે, સન્માન આપે છે. રાહુલ ગાંધીએ કહ્યું કે ભારતમાં જે વિવિધતા છે તે જ આપણા દેશની તાકાત છે. તેને લોકો ઊંડાઈપૂર્વક સમજે છે. મને લોકો વચ્ચે જઈને ઘણું શીખવા મળ્યું. અલગ અલગ રાજ્યોમાં અમે ગયા. હજારો લોકો સાથે વાત કરી. દેશના મુખ્ય મુદ્દા બેરોજગારી, મોંઘવારી, શિક્ષણ તેના પર વાત થતી નથી, કાં તો નફરતની વાત થાય છે કાં પછી ઐશ્વર્યા રાય કે શાહરુખ ખાનની ચર્ચા થાય છે. દેશના મુખ્ય મુદ્દાઓની તો અવગણના જ થાય છે.

# પત્રકાર વિમલ યાદવ હત્યાકાંડમાં ચારની ધરપકડ

। અરરીયા, તા.૧૯ ।

બિહારના અરરીયામાં પત્રકાર વિમલ કુમાર યાદવ હત્યાકાંડ મામલે પોલીસે ૪ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. આ મર્ડર કેસમાં મૃતકના પિતાની ફરિયાદ પર ૮ આરોપીઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી હતી. જેમાંથી ૪ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે જે ૪ અપરાધીઓની ધરપરકડ કરવામાં આવી છે તેમાંથી બે પર પત્રકારની હત્યાનો આરોપ છે. પત્રકાર વિમલ યાદવ હત્યાકાંડમાં રાનીગંજ પોલીસે ચારેય આરોપીઓની અલગ-અલગ સ્થળેથી ધરપકડ કરી છે. અરરીયા એસડીપીઓ રામપુકાસ સિંહે તેની જાણકારી આપતા જણાવ્યું કે, આ ચારમાંથી બે પત્રકાર વિમલની હત્યા કરવામાં સામેલ હતા. આ મામલે અરરીયા પોલીસે પ્રેસ રિલીઝ પણ જારી કરી છે જેમાં આ ધરપકડ કરાયેલ આરોપીઓના નામ પણ જણાવ્યા છે. તેમાં વિપીન કુમાર યાદવ જે ભરના પોલીસ સ્ટેશન ભરગામાના છેદી યાદવનો પુત્ર છે. બીજો આરોપી બેલસર પોલીસ સ્ટેશન રાનીગંજના ભાવેશ યાદવની ધરપકડ કરવામાં આવી છે. તેના પિતાનું નામ લસ્સી યાદવ છે. ત્રીજો આરોપી આશીષ યાદવ બેલસર પોલીસ સ્ટેશન રાનીગંજનો રહેવાસી છે. તેના પિતાનું નામ દેવાનંદ યાદવ છે. ચોથો આરોપી ઉમેશ યાદવ કોશિકાપુર ઉત્તર પોલીસ સ્ટેશન રાનીગંજનો રહેવાસી છે અને તે તેજ નારાયણ યાદવનો પુત્ર છે. આમાંથી બે આરોપીઓ હાલમાં ન્યાયિક કસ્ટડીમાં છે. જેમાંથી રૂપેશ યાદવ હાલમાં સુપૌલમાં જેલમાં બંધ છે. બીજી તરફ ઉમેશ યાદવ ઉર્ફે ક્રાંતિ યાદવ અરરીયા જેલમાં બંધ છે. આ બંને આરોપીઓને પણ વિધિવત રિમાન્ડ પર લેવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસે જણાવ્યું કે, પત્રકાર વિમલ કુમાર યાદવના પિતા હરેન્દ્ર પ્રસાદ સિંહે ફર્દ નિવેદનના આધારે રાનીગંજ પોલીસ સ્ટેશન કાંડ નંબર ૩૩૮/૨૦૨૩માં કલમ ૩૦૨, ૧૨૦ બી, ૩૪ ભારતીય દંડ સંહિતા અને ૨૭ આર્મ્સ એક્ટ નિયમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

# ખરીફ પાકમાં નુકસાનથી મોંઘવારી વધવાનો ખતરો!

## વરસાદના અભાવે ખાદ્યપદાર્થોના ફુગાવામાં ઉછાળો જોવા મળી શકે છે, કારણ કે વરસાદના અભાવે ખરીફ પાકોના ઉત્પાદનને અસર થવાની સંભાવના છે

। નવી દિલ્હી, તા.૧૯ ।

છેલ્લા ૧૦૦ વર્ષમાં સૌથી ઓછો વરસાદ ઓગસ્ટ ૨૦૨૩માં જોવા મળી શકે છે. અલ નીનોની અસરને કારણે દેશના ઘણા રાજ્યોમાં ચોમાસાના વરસાદમાં ભારે ઉણપ જોવા મળી રહી છે. રોયટર્સે તેના અહેવાલમાં હવામાન વિભાગના બે અધિકારીઓને ટાંકીને જણાવ્યું છે કે ૧૯૦૧ પછી દેશમાં ઓગસ્ટ ૨૦૨૩માં સૌથી ઓછો વરસાદ થવાની ધારણા છે. વરસાદના અભાવે ખાદ્યપદાર્થોના ફુગાવામાં ઉછાળો જોવા મળી શકે છે. કારણ કે વરસાદના અભાવે ખરીફ પાકોના ઉત્પાદનને અસર થવાની સંભાવના છે. આ ખરીફ સિઝનમાં ચોખાથી લઈને સોયાબીનના ઉત્પાદનમાં ઘટાડો થઈ શકે છે. ઓછો વરસાદ આવતા રવી સિઝનમાં ઉગાડવામાં આવતા પાકના ઉત્પાદનને



અસર કરી શકે છે, જેમાં ઘઉં અને સરસવનો સમાવેશ થાય છે. ઘઉંની ખેતી માટે ખેતરોમાં ભેજ હોવો ખૂબ જ જરૂરી છે. જો આ ચોમાસાની સિઝનમાં વરસાદની અછત હોય તો ખેતરોમાં ભેજના અભાવે ઘઉંના ઉત્પાદનને સીધી અસર થઈ શકે છે. તેની અસર દેશના આર્થિક વિકાસ અને ગ્રામીણ અર્થવ્યવસ્થા પર જોવા મળી શકે છે, જે સંપૂર્ણપણે કૃષિ પર નિર્ભર છે. ભારત તેની ખેતી અને જળાશયો માટે જરૂરી પાણીના ૭૦ ટકા માટે ચોમાસાના વરસાદ પર નિર્ભર છે. સ્ઠ અધિકારીએ જણાવ્યું કે આ ચોમાસું નબળું પડી રહ્યું છે. તેમણે કહ્યું કે દક્ષિણ, મધ્ય અને પશ્ચિમ ભારતમાં વરસાદનો અભાવ છે. આ ચોમાસાની સિઝનમાં ઓછા વરસાદને કારણે મોંઘવારી વધવાનો ભય છે. જુલાઈ મહિના માટે જાહેર કરાયેલા આંકડાઓ અનુસાર, છૂટક મોંઘવારી દર વધીને ૭.૪૪ ટકા અને ખાદ્ય મોંઘવારી દર ૧૧.૫૧ ટકા પર પહોંચી ગયો છે. લીલોતરી અને શાકભાજી ઉપરાંત ઘઉં, ચોખા અને કઠોળના ભાવ પણ વધવા લાગ્યા છે. જો ઓછો વરસાદ થશે તો મોંઘવારી વધુ વધી શકે છે. છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં વરસાદે વિરામ લીધો છે.

**વિશેષ**

### ‘વિશ્વ મધમાખી દિને’ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-સુરત દ્વારા મધમાખી ઉછેરની તાલીમ યોજાઈ

# મધમાખી ઉછેર એટલે કે ઉત્તમ આર્થિક વળતર અને ખેડૂતોની આત્મનિર્ભરતાનો પર્યાય

## કુદરત દ્વારા મળેલા ફુલોનો રસ અને વેડફાઈ જતા પરાગનો ઉપયોગ કરી કુદરતને હાનિ કર્યા વગર દેશનું કૃષિ ઉત્પાદન વધારી શકાય છે : ડો. જે.જે. પસ્તાગીયા આચાર્ય, એગ્રી કોલેજ, વઘઈ

માનવ પ્રવૃત્તિઓથી મધમાખીઓ પર તોળાતા જોખમ વિશે લોકજાગૃત્તિ આપવા માટે દર વર્ષે ઓગસ્ટ મહિનાના ત્રીજા શનિવારને ‘વિશ્વ મધમાખી દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે. લોકોને ઈકોલોજીકલ સિસ્ટમમાં મધમાખીની મહત્વપૂર્ણ ભૂમિકા વિશે જાગૃત કરવાનો પણ હેતુ છે, ત્યારે નવસારી કૃષિ યુનિવર્સિટી સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-સુરત અને નાયબ બાગાયત નિયામક કચેરી-સુરતના સંયુકત ઉપક્રમે સુરત અઠવા ફાર્મ સ્થિત અસ્પી બાયોટેકનોલોજી ઓડિટોરીયમ ખાતે દક્ષિણ ગુજરાતના ખેડૂતો, રસ ધરાવતા નાગરિકો માટે મધમાખી ઉછેરની તાલીમ યોજાઈ હતી. જેમાં ૧૫૦ જેટલા વ્યક્તિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મધમાખી પાલન અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.

આ પ્રસંગે એગ્રી કોલેજ-વઘઈના આચાર્ય ડૉ. જે. જે. પસ્તાગીયાએ જણાવ્યું હતું કે, મધમાખી પોતે મધ ખાતી નથી, પણ આપણને જ આપે છે. ખેતરમાં મધમાખી પેટીઓ રાખવાથી પરાગનયનની ક્રિયા ખૂબ જ ઝડપી બને છે. જેના પરિણામ સ્વરૂપે વધુ ફલીકરણ થાય છે. અને ઉત્પાદન વધે છે. મધથી લોહી શુદ્ધ થાય છે અને લોહતત્વ અને કેલ્શિયમ મળે છે. મધમાખી ઉછેર એ ઉત્તમ આર્થિક વળતર અને ખેડૂતોની આત્મનિર્ભરતાનો પર્યાય છે એમ જણાવી તેમણે ઉમેર્યું



કે, દેશના કૃષિ વૈજ્ઞાનિક ડો.સ્વામીનાથન ભારતના ખેડૂતો ઓછી જમીનમાં, ઓછા પાણીએ વધુ ઉત્પાદન મેળવે તેના આગ્રહી હતા. તેઓ તકનીકી તાંત્રિકતા અને પર્યાવરણ પ્રિય અને ટકાઉ કૃષિ વિકાસના હિમાયતી હતા. મધમાખી ઉછેર એ એવી પ્રવૃતિ છે, જેમાં કુદરત દ્વારા મળેલા ફુલોનો રસ અને વેડફાઈ જતા પરાગનો ઉપયોગ કરી કુદરતને હાનિ કર્યા વગર દેશનું કૃષિ ઉત્પાદન વધારી શકાય છે. મધમાખી પાલનને કોઈ ખાસ પ્રકારની જમીનની જરૂરિયાત નથી. મધપેટીને પડતર જમીન પર, જંગલમાં, ખેતરની ફરતે, આંગણમાં કોઈપણ જગ્યાએ મૂકી શકાય છે. આ વ્યવસાય બેરોજગાર, જમીન વિહોણા ગ્રામ્ય લોકો અને શ્રમિક વર્ગને રોજગારી પૂરી પાડવા સક્ષમ છે.

સંયુક્ત ખેતી નિયામકશ્રી એચ.એમ.ચાવડાએ જણાવ્યુ કે, મધ અને મીણનુ ઉત્પાદન કરી વેચાણ, મધમાખી ઉછેરના સાધનો બનાવી, મધમાખીની નવી વસાહતો, નવી રાણીઓ બનાવી તેનું વેચાણ, મધને મધપાલકો પાસે એકત્ર કરી પ્રોસેસિંગ-પેકિંગ અને માર્કેટિંગ કરીને વેચાણ, પરાગનયન માટે પેટી ભાડે આપીને તથા લોકોને માર્ગદર્શન આપીને એમ કુલ પાંચ પ્રકારે મધમાખી ઉછેરમાં આવક મેળવી શકાય છે. અસ્પી કોલેજ, નવસારીના મદદનીશ પ્રાધ્યાપક ડો. અભિષેક એ. મહેતાએ મધમાખી પાલનના મહત્વ અને કાળજી અંગે ઉપયોગી જાણકારી આપી હતી.

ન.કૃ.યુનિના વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ.એન. એમ.ચૌહાણે પ્રાસંગિક ઉદબોધન કરી મધમાખી ઉછેર ઓછા સમય અને ટૂંકી જમીનમાં થતી અને ઊંચું આર્થિક વળતર આપતી પ્રવૃત્તિ હોવાનું જણાવ્યું હતું.

કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) ડો. રાકેશ કે. પટેલે મધમાખી પાલન દરમિયાન ખેડૂતોએ શું-શું કાળજી લેવી જોઈએ તે અંગેની માહિતી આપી હતી. નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ) અને આત્મા(સુરત)ના પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી એન.જી. ગામીતે મધમાખી પાલનને વ્યવસાય તરીકે અપનાવવા અને મધમાખી ઉછેરમાં રહેલી તકો તેમજ પ્રાકૃતિક ખેતીની અસરકારકતા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

નાયબ બાગાયત નિયામકશ્રી ડી.કે. પડાલિયાએ બાગાયત વિભાગ દ્વારા વિવિધ યોજનાઓમાં મળવાપાત્ર લાભો તેમજ **ikhedut.gujarat.gov.in** અંગે વિસ્તૃત સમજ આપી હતી. પ્રારંભે સ્વાગત પ્રવચન કરતા વરિષ્ઠ વૈજ્ઞાનિક અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડો. જે.એચ.રાઠોડે જણાવ્યું હતું કે, સુરત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતોને ખેતી તેમજ પશુપાલનને લગતી વિવિધ પ્રકારની તાલીમો પૂરી પાડવામાં આવે છે. ઉત્તમ મધની દેશવિદેશમાં માંગ હોવાથી ખેડૂતો ખેતીની સાથોસાથ મધમાખી પાલનને પણ પૂરક વ્યવસાય તરીકે અપનાવી વધારાની આવક મેળવી શકે છે એમ જણાવી તેમણે કેન્દ્રની વિવિધ કૃષિલક્ષી પ્રવૃતિઓની વિગતો આપી હતી.

મધમાખી પાલન કરતા પ્રગતિશીલ મધમાખી પાલક ખેડૂતો શ્રી અશોકભાઈ ભગુભાઈ પટેલ અને શ્રી વિનોદભાઈ નકુમે મધમાખી પાલનના અનુભવો જણાવ્યા હતા. સેશન દરમિયાન મધમાખી ઉછેરની પ્રેક્ટિકલ તાલીમ પણ અપાઈ હતી. ઉપસ્થિત તાલીમાર્થીઓએ પ્રશ્નોત્તરી સેશનમાં રજૂ કરેલા પ્રશ્નોના નિષ્ણાતોએ સંતોષકારક જવાબો આપ્યા હતા.

## તંત્રી લેખ...

# સાઇબર ઠગાઈના કેસો ઓછા થવાનું નામ નથી લેતા

સાઈબર છેતરપિંડી પર નિયંત્રણ મેળવવા માટે કેન્દ્ર સરકારે સિમ કાર્ડ વિક્રેતાઓનું રજીસ્ટ્રેશન કરવા અને તેમના સત્યાપનને અનિવાર્ય બનાવવાની સાથે જ જથ્થાબંધ સિમ કાર્ડ વેચનારા પર પ્રતિબંધ લગાવવાનાં જે પગલાં ભર્યાં છે, તે સમયની માંગ હતી. આ પગલાંને ઓનલાઈન ઠગાઈમાં લિપ્ત તત્ત્વો પર એક પ્રભાવી પ્રહાર માનવામાં આવે છે, પરંતુ કેન્દ્રની સાથે સાથે રાજ્ય સરકારોએ પણ તેની અવગણના ન કરવી જોઈએ કે સાયબર અપરાધીઓ લોકોને છેતરવાની નિત નવી રીતો શોધી કાઢે છે. હવે તો તેઓ ટેકનિકનો સહારો લઈને વ્યક્તિ વિશેષના અવાજમાં તેમના સ્વજનોને ઠગવાનું પણ કામ કરવા લાગ્યા છે. એક તથ્ય એ પણ છે કે સાઈબર અપરાધીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. થોડા સમય પહેલાં સુધી ઝારખંડનો જામતાડા વિસ્તાર જ સાઈબર ઠગો માટે કુખ્યાત હતો, પરંતુ હવે દેશના અનેક હિસ્સામાં જામતાડા બની ગયાં છે. તેમાં મેવાત પણ એક કુખ્યાત વિસ્તાર છે. ગત દિવસોમાં નૂંહમાં જે ભીષણ સાંપ્રદાયિક હિંસા થઈ, તે દરમ્યાન એક સાઈબર થાણાને નિશાનો બનાવવા પાછળ સાઈબર ઠગોનો જ હાથ માનવામાં આવે છે. જોકે હાલના વર્ષોમાં પોલીસ અને અન્ય એજન્સીઓને સાઈબર અપરાધનો સામનો કરવા માટે સક્ષમ બનાવવામાં આવે છે, પરંતુ હજુ તેમને વધુ સમર્થ બનાવવાની જરૂરિયાત છે, કારણ કે સાઈબર ઠગાઈના કેસો ઓછા થવાનું નામ નથી લેતા. આ ઠગો જેટલા ચાલાક છે, એટલે જ દુસ્સાહસી પણ છે. તેઓ નકલી કોલ સેન્ટરો પણ ચલાવી રહ્યા છે. સાઈબર ઠગાઈ મામલે એ જોવા મળ્યું છે કે છેતરપિંડી કરનારાઓની મિલીભગત સિમ વિક્રેતાઓ સાથે હોય છે. સરકારે એવા ૬૭ હજાર સિમ કાર્ડ ડીલરોને બ્લેક લીસ્ટ કર્યા છે. જોકે તેની સાથે જ તેમને સજાના ભાગીદાર બનાવ્યા હોત તો સારું થાત, કારણ કે એક આંકડા અનુસાર સિમ કાર્ડ ડીલર લગભગ વીસ ટકા સિમ કાર્ડ સાઈબર ઠગોને વેચે છે. સાઈબર ઠગાઈ કેટલી ઝડપે વધી રહી છે તેની જાણ એના પરથી થાય છે કે ઓગસ્ટ ૨૦૧૯માં શરૂ કરવામાં આવેલ ડિજિટલ અપરાધ પોર્ટલ પર ૨૩ લાખથી વધુ સાઈબર ઠગાઈના કેસો નોંધાઈ ચૂક્યા છે. એક સંસદીય સમિતિએ પણ હાલમાં પ્રસ્તુત કરવામાં આવેલ પોતાના રિપોર્ટમાં એ ચિંતાજનક તથ્ય સામે આણ્યું છે કે માત્ર એક વર્ષમાં એવા અપરાધોનો આંકડો અઢી ગણાથી વધુ વધી ગયો છે. એનાથી ઈનકાર ન કરી શકાય કે હાલનાં વર્ષોમાં નાણાંકીય લેવડ-દેવડ માટે લોકોની જે રીતે ડિજિટલ રીતો પર નિર્ભરતા વધી છે, તેનાથી એના પર સાઈબર ઠગાઈનો શિકાર થવાનું જોખમ પણ વધ્યું છે. સ્પષ્ટ છે કે એક તરફ જ્યાં સાઈબર ઠગો પર સખ્તાઈ કરવાની જરૂરિયાત છે, ત્યાં જ લોકોને જાગૃત કરવાની પણ, કારણ કે અનેક લોકો લાલચ અથવા અજ્ઞાનતાવશ કે પછી જરૂરી જાણકારીને અભાવે સાઈબર ઠગાઈનો શિકાર બની જાય છે.

# સફળતા માટે સતત મુલ્યાંકન જરૂરી

જીવનમાં તમામ ઉંચાઈ હાંસલ કરી લીધી હોવા છતાં કેટલાક લોકોને હમેંશા લાગે છે કે તે ખુબ બનાવટી છે. તમામ સફળતા મેળવી લીધા બહાદ પણ સફળ લોકો પણ આ માનસિક ભાવનાથી ગ્રસ્ત રહે છે. આવા લોકો માને છે કે તેમની સાથે રહેલા લોકો ટુંક સમયમાં જ તેમની સફળતાના રહસ્યને જણી લેશે. તેમને એક ભય આ બાબતને લઈને પણ રહે છે કે જો તેઓ વધારે મહેનત કરશે નહી તો તેઓ અન્યો કરતા પાછળ રહી જશે. તેમને અન્યો પાછળ છોડીને તેમની જગ્યા લઈ લેશે. પોતાની લાઈફમાં તમામ પડકારોને સફળ રીતે પાર પાડીને ઉંચી સફળતા મેળવી લીધી હોવા છતાં તેમને કેટલીક વખત આવુ લાગે છે કે આજે તેમને જે સફળતા મળી છે તે ભવિષ્યમાં ફરીવાર મળી શકશે નહી. આવી ભાવના કોઈ મોટી કંપનીના માલિકથી લઈને નાના કારોબારીને પણ થાય છે. સામાન્ય મજુરી કરનાર વ્યક્તિને પણ આવુ લાગે છે. જો તમારા મનમા ંપણ આવી જ કોઈ ભાવના રહેલી છે તે તો ભાવના અયોગ્ય છે. આવી ભાવનાને કાઢી નાંખવા માટે કેટલીક બાબતો પર ધ્યાન આપવાની જરૂર છે. કેટલાક લોકો તો ખુબ કુશળ પણ હોય છે પરંતુ તેઓ પોતાની કુશળતાને લઈને શંકા કરતા રહે છે. જો તમે લાઈફમાં ઉંચી ઉંચી સફળતા હાંસલ કરવા ઈચ્છો છો તો પોતાના પર ક્યારેય શંકા કરવી જોઈએ નહી. શંકા ખતરનાક છે અને તે શંકા આપના માર્ગને રોકી શકે છે. પોતાને અન્યો કરતા ઓછા આંકવાના બદલે બીજા પર નજર કરવી જોઈએ. તેમના ગુણની સાથે સાથે તેમના દૌષને પણ ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે. જો આવુ કરશો તો પોતાના પર પરફેક્ટ બનવા માટેના બોજ લાગી કરશો નહી. જો આવુ કરશો તો પોતાના પર પ્રેમ અને સાહનુભુતિ પણ રાખી શકશો. પોતાની લાયકાતને ઓળખી કાઢવા માટેના પ્રયાસ સતત કરવા જોઈએ. પોતાની પોઝિટીવ સ્કિલ્સ, સફળતા અને અનુભવની યાદી બનાવી દીધા બાદ પોતાની સફળતાની સ્થિતીને સમજવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. પોતાની સફળતાનુ મુલ્યાંકન કરવામાં આવશે તો સીધો ફાયદો થશે. આપે જે પણ સફળતા હાંસલ કરી છે તે પોતાની તાકાત પર હાંસલ કરી છે તેવી ભાવના જો જાગશે તો વધુ સફળતા હાંસલ થઈ શકશે. કેટલીક વાર એવુ પણ બને છે કે પોતાને પ્રશંસાથી દુર રાખવા માટે પોતાના કામ માટે મળેલી પ્રશંસા પર પણ કોઈ પ્રતિક્રિયા આપતા નથી. હવે જ્યારે પણ કોઈ સમય કામ બદલ પ્રશંસા મળે ત્યારે તમામ બાબતોને ભુલીને તે પ્રશંસાને સ્વિકાર કરવામાં આવે તે જરૂરી છે. પોતાના વ્યક્તિત્વની સારી બાબતોના સંબંધમાં કોઈ વિશ્વસનીય મિત્રો સાથે પણ વાત કરી શકાય છે. શુ કોઈ અન્ય વ્યક્તિ કરતા વધારે કામ કરીને આપ પોતાને વધારે યોગ્ય અનુભવ કરી શકો છો જો દિલ આવુ માને છે તો વધારે મહેનત કરવાની ટેવ પાડવી જોઈએ. જ્યારે સતત મહેનત કર્યા બાદ સફળતા હાંસલ થવા લાગે છે ત્યારે યોગ્યતા અને કુશળતા પર આત્મવિશ્વાસ સતત વધે છે. પોતાની યોગ્યતાને લઈને શંકામાં રહેલા લોકો સામાન્ય રીતે ભયના કારણે હસી મજાક કરતા નથી. તેમને કામ વગરની વ્યક્તિ કોઈ ન માની લે તેમ અનુભવ કરે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે અસલી ક્ષમતાને જીવિત રાખવા માટે પોતાના અંદર રહેલી ભાવનાને બહાર આવવાની તક આપવી જોઈએ. હાસ્ય મનોરંજન પણ લાઈફમાં જરૂરી છે. આના કારણે સીધી રીતે અસર થાય છે. હકારાત્મક ભાવના વિકસિત થાય છે. પોતાની લાયકાત પર શંકા કરનાર લોકોએ આને દુર કરવા માટે પોતાના મુલ્યાંકન પર ધ્યાન આપવુ જોઈએ. મુલ્યાંકન વેળા એવી ચીજોની કાગળ પર યાદી બનાવવી જોઈએ જે લોકોને આકર્ષિત કરે છે. તેમાં પોતાની તમામ કુશળતા અંગે વાત લખવી જોઈએ.

# ૐ કારનો અનાહત નાદ એટલે શૂન્યનું સંગીત! અને એ અનાહત નાદની અનુભૂતિ જીવને સમાધિ સુધી દોરી જાય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

હિન્દુ સનાતન સંસ્કૃતિમાં મંત્રનો ખૂબ જ મહત્વ છે. અને દરેક દેવી દેવતાઓનાં અલગ અલગ મંત્રનું પણ મહાત્મય રહેલું છે પરંતુ અત્યારે શ્રાવણ માસ ચાલી રહ્યો છે, અને ભગવાન શંકર માટે કહેવાય છે કે ૐ કારના બીજ મંત્રની ઉત્પત્તિ સાથે એનો સીધો સંબંધ છે અને એટલે જ આપણે ૐ નમઃ શિવાય એમ બોલીએ છીએ તો ૐ કાર એ માત્ર મંત્ર નથી પણ ત્યાંથી મંત્ર વિજ્ઞાન શરૂ થાય છે અને એને એટલે તેને બીજ મંત્ર પણ કહેવામાં આવે છે. તો આ શ્રાવણ માસમાં ભગવાન શંકરને વધું સારી રીતે સમર્પિત થવા આ ૐ કારના બીજ મંત્રનું વિજ્ઞાન સમજીએ.

આજે આપણે ઓમકાર નાદ વિશે થોડુંક જોઈએ. હિંદુ સનાતન ધારામાં ઓમકાર નાદને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું છે. અને તેને પ્રણવ મંત્ર, અને બીજ મંત્ર પણ કહેવામાં આવે છે. પ્રણવ એટલે કે સૃષ્ટિનું સર્જન કરનાર, અને એટલે જ ભગવાન શંકરનુ એક નામ પ્રણવ પણ છે. ઓમકાર નાદનો સીધો અર્થ કરીએ તો અનાહત નાદ, કે જે અધ્યાત્મ સાથે સાંકળનાર છે, એટલે કે ઈશ્વરનો નાદ, પોતાનામાં સંભળાય એવી સાધના કરાવનાર આ મંત્ર છે. આ મંત્રના રટણથી પરમાત્મા સાથેનો નાતો આપણો દ્રઢ અને અતૂટ બને છે. અ, ઉ ને મ, એ ત્રણ અક્ષરથી બનતો ૐ એ બ્રહ્મા વિષ્ણુ અને મહેશ ત્રણેનું એક સ્વરૂપ છે. કહેવાય છે કે સૃષ્ટિની ઉત્પત્તિ એ ઓમકાર નાદ માંથી થઈ હતી. આપણે ત્યાં એટલે જ, જુદા જુદા વિવિધ ભાવની વાત આવી. ત્રિદેવ, ત્રિગુણ, ત્રિકાળ, મુખ્ય જાતિ નર, નારી, અને નાન્યતર, મુખ્ય ત્રણ ભાવ સત્ય પ્રેમ અને કરુણા, ઉષ્મા ઉર્જા અને પ્રાણ શક્તિ, આથી જ અધ્યાત્મને પણ વિજ્ઞાન કહેવામાં આવે છે. મુખ્ય ત્રણ ધર્મ હિન્દુ જૈન અને બૌદ્ધ, આ બધામાં ઓમકારનું ખૂબ જ મહત્વ છે ઓમકારના સતત રટણ કરવાથી અનાહત નાદ ઉત્પન્ન થાય છે, અને અનાહત નાદથી સમાધિ સૂચક અવસ્થા પ્રાપ્ત થાય છે.

"અ", "ઉ" અને "મ" થી ૐ મંત્ર બને છે, તેમજ તેના ચિહ્નમાં "ર" કાર અને તેના ઉપર બિંદુ છે.

અ નો સંદર્ભ સર્જક એટલે બ્રહ્મા, ઉ નો સંદર્ભ પાલક એટલે કે વિષ્ણુ અને મ નો સંદર્ભ સંહારક એટલે કે મહાદેવ છે. આમ ૐ માં ત્રિમૂર્તિ – બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ – સમાવિષ્ટ છે.

ૐ જે અ, ઉ અને મ તેમજ અર્ધ ચંદ્રાકાર અને તેના ઉપર બિન્દુથી બને છે, જ્યાં "અ" જાગૃત અવસ્થાનો સંકેત કરે છે, "ઉ" સ્વપ્ન અવસ્થાનો સંકેત કરે છે અને "મ" સુષુપ્ત અવસ્થાનો સંકેત કરે છે. સુષુપ્ત અવસ્થામાં મન અને બુધ્ધિ શાંત થઈ જાય છે. આમ અ, ઉ, મ્ અર્ધચંદ્રાકાર અને બિન્દુથી બનતો ૐ ચોથી અવસ્થાની સ્થિતિ છે. આ ચોથી અવસ્થાને સમાધિની સ્થિતિ કહેવાય છે. અ ની જાગૃત અવસ્થા, ઉ ની સ્વપ્ન અવસ્થા અને મ ની સુષુપ્ત અવસ્થા માંથી પસાર થતાં એટલે કે ઓમ નો નાદ બંધ થતાં એક અગાઢ શાંતિની અવસ્થા આવે છે જેને તુરીયા અવસ્થા કે સમાધિની અવસ્થા કહેવાય છે. આ અવસ્થામાં બધું જ શાત થઈ જાય છે, અને ભગવાન શંકર લગભગ આ ચોથી અવસ્થામાં જ રહેનારા એટલે સમાધિસ્થ રહે છે.

"અ" ને વાણી, "ઉ" ને મન અને "મ" ને જીવનના ધબકારા- પ્રાણ – પણ કહી શકાય. અને અ, ઉ, મ્ ,ર કાર અને બિન્દુથી બનતા ૐ ના સ્વરુપને આત્મા-અંશી કહી શકાય, જે પરમ અંશ પરમાત્મા નો એક ભાગ છે.

અ, ઉ, મ એ અનુક્રમે લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ છે. તો અ, ઉ, મ, ર કાર અને બિન્દુથી રચાયેલ ૐ Divinitઅ છે અને તે આકાર, અને કૃતિથી પર છે.

અ, ઉ, મ એ ઈચ્છા, ભય અને ક્રોધ રહિત છે તો અ, ઉ, મ, ર કાર અને બિન્દુથી રચાયેલ ૐ પૂર્ણ પુરુષ છે અને આ પૂર્ણ પુરુષ પરમ પરમાત્માને સંપૂર્ણ સમર્પિત છે.

અ, ઉ, મ એ નર, નારી અને નાન્યતર જાતિ દર્શાવે છે જ્યારે અ, ઉ, મ, ર કાર અને બિન્દુથી રચાયેલ ૐ એ કૃતિ અને તેના કર્તાનું એક જ સ્વરુપ છે.

સત્યનું નામ એ જ ઓમકાર છે. ભારતીય આધ્યાત્મ જગતનું રહસ્ય ઓમકારમાં સમાઈ જાય છે. ઓમકારને એક શબ્દ તરીકે ઓળખવવો કે વર્ણવવો એક ભૂલ છે, કારણ કે ઓમકાર કોઈ શબ્દ નથી, કારણ કે દરેક શબ્દનો અર્થ હોય છે. જ્યારે ઓમકારને કોઈ શબ્દ ગણી તેનો અર્થ ન સમજાય. ઓમકાર એ એક અનુભૂતીનો વિષય છે. તે તો માત્ર એક શુધ્ધ ધ્વનિ છે. તેમજ તેને એક ધ્વનિ કહેવો પણ એક લાચારી કે આપની સમજવાની મર્યાદા છે. કોઈ પણ ધ્વનિ પેદા કરવા માટે બે વસ્તુને ટકરાવવું પડે, જ્યારે ઓમકારના ધ્વનિને પેદા કરવાની જરુરીયાત જ નથી રહેતી. ઓમકાર અનાહદ નાદ છે જે કોઈ પણ જાતના ટકરાવ કે આઘાત વિના પેદા થયેલ નાદ – ધ્વનિ છે.

ઓમનો જાપ તો આપણા કંઠની ટકરાહટ છે, આપણા પોતાનામાં જ પેદા થયેલ ધ્વનિ છે. અન્ય મંત્રો છે, જ્યારે ઓમકાર મહા મંત્ર છે, બીજ મંત્ર છે જેમાંથી બીજા બધા મંત્રોની ઉત્પતિ થઈ છે.


ભારતીય આધ્યાત્મિક જગત મનને મટાડવાની વાત કરી છે. અને જ્યારે મન મટી જાય છે, ત્યારે ઓમકારનો અનાહદ નાદ પેદા થાય છે, ઓમકાર ધ્વનિ સંભળાય છે. ઓમકાર મૂળ સ્તોત્ર છે, જેનાથી બધા સ્વર પેદા થાય છે. તમામ અસ્તિત્વ ઓમકારથી જોડાયેલું છે. ઓમકારનો અનાહત નાદ એટલે શૂન્યનું સંગીત.

વિજ્ઞાનની શોધ વિદ્યુત છે, તેમાં ઉષ્મા, ઉર્જા સમાવિષ્ઠ છે. આજ રીતે ઓમકારને જો વિદ્યુત સમજીએ તો તેમાં ઉષ્મા, ઉર્જા અને પ્રાણનું સ્પ ંદન સમાવિષ્ઠ છે. આના દ્વારા જ સત્યને પામી શકાય. એક ઓમકારની ધૂનમાં લીન થઈ જઈએ તો બીજું બધું જ શાન્ત થઈ જશે, બહારની દુનિયા શૂન્યમાં પરિવર્તિત થઈ જશે.

ઓમ કાર વિશે તો જેટલું લખીએ એટલું ઓછું છે, કારણ કે જેનાથી સૃષ્ટિની ઉત્પત્તિ છે, તેનો કોઈ અંત નથી, અને અનંત ગુણો ધરાવતા આ ઓમ કારનો મેં સદગુરુ કૃપાથી બુદ્ધિ પ્રમાણે અહીં વ્યાખ્યા લખી છે. પરંતુ આસ્થા માટે આટલું પર્યાપ્ત છે, તો આપણે એ બીજ મંત્રની ઉત્પત્તિ છે, અને એ જ બીજ મંત્રમાં જ સૃષ્ટિ સમાહિત થઈ જાય છે. તો એ સમાહિત થાય તે પહેલા, તેનું રટણ કરી અને ઈશ્વરને પ્રાપ્ત કરીએ, તેવી એક અનન્ય પ્રાર્થના સાથે હું આજે અહીં જ વિરમું છું. તો સૌને મારા સ્નેહ વંદન અને જય સીયારામ.

....શિવ મહિમા -૪.....

# બિલીપત્રનો મહિમા મહિમા અને તેના ઔષધિય ઉપયોગનો મહિમા જાણીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા





શ્રાવણ માસ આપણે શિવ મહિમા ગાન કરી રહ્યા છીએ.જેમાં આજે રવિવારે ચોથો દિવસ બિલીપત્રનો મહિમા અને તેના ઔષધિય ઉપયોગો વિશે જાણીએ.ઘરમાં બીલીનું વૃક્ષ વાવવાના ફાયદાનો ઉલ્લેખ શિવ મહા પુરાણમાં કરવામાં આવ્યો છે જે મુજબ જે સ્થાને આ છોડ કે વૃક્ષ ઉગાડેલ હોય છે તે સ્થળ કાશી તીર્થની જેમ પવિત્ર અને પૂજનીય સ્થળ હોય છે આવી જગ્યા કે ઘર તમામ પ્રકારના તંત્ર બાધાઓથી મુક્ત થાય છે.અહી રહેવાવાળા લોકો પર ક્યારેય ચંદ્ર માની ખરાબ દશા નહી આવે દરેક સભ્ય યશસ્વી બને છે.અને આખો પરિવાર સમાજમાં ઉચ્ચ સમ્માન મેળવે છે ઘરની વિવિધ દિશામાં બીલીનો છોડ હોવાથી અનેક ફાયદા થતા હોય છે. ઘરની ઉત્તર-પશ્ચિમ દિશામાં બીલીનો છોડ રોપેલો હશે તો તેવા ઘરના સભ્યો યશસ્વી વધુ તેજવાન બને છે આના માટે બીલીના છોડવાને ઉત્તર-પશ્ચિમ દિશામાં રોપવો ઘર ની ઉત્તર-દક્ષિણ દિશામાં બીલીનો છોડ રોપેલો હશે તો તેવા ઘરમાં આર્થિક સંપન્નતા પ્રાપ્ત થતી હોય છે આવા ઘરના દરેક વ્યક્તિ ધન વાન બને છે અને તેમને ક્યારેય ધનની કમી પડતી નથી હોતી કર્જ માંથી મુક્તિ માટે બીલીનો છોડ વાવેલો હોવો જોઈએ તમામ પ્રકારની ખુશીઓ મેળવવા માટે ઘરની વચોવચ બીલીનો છોડ રોપવો જોઈએ આવા ઘરમાં પરિવારના તમામ સભ્યો વચ્ચે પ્રેમભાવ રહે છે એમના જીવનમાં ક્યારેય પણ કોઈપણ પ્રકારના અચાનક દુઃખ શોક નથી આવતા વાસ્તુશાસ્ત્ર મુજબ ઘર આંગણે બીલીનો છોડવો હોવાથી તમે બધી પ્રકારની નકારાત્મક ઉર્જાથી બચી શકશો રોપાને નિયમિતરૂપે પ ાણી આપવું અને તેની સાર સંભાળ રાખવી જે રીતે ઘરમાં તુલસીનો છોડ રાખવાનો નિયમ છે એવીજ રીતે બિલીના છોડવા માટે પણ કેટલાક નિયમો પાળવાના છે. હિન્દી પંચાંગ મુજબ કોઈપણ મહિનાની અષ્ટમી અમાસ-પૂનમ કે સોમવારના દિવસે બિલીપત્ર ન તોડવું જોઈએ. બહુ ઓછા લોકો જાણે છે કે બીલના પત્તા કે બિલ પત્રને શિવપૂજામાં તમે એક થી વધુ વખત પણ ઉપયોગમાં લઈ શકો છો .શિવને ચડાવેલા બિલ તમે ધોઈને ફરી ઉપયોગમાં લઈ શકો છો અને જયાં સુધી બિલી પત્ર ખરાબ ન થઈ જાય ત્યાં સુધી તમે આવું કરી શકો છો.બસ ધ્યાન રાખવું કે બિલીપત્ર સુકાયેલા ન હોય તેથી જો તમે દર રોજ શિવ પૂજા કરતાં હોવ તો ઉપર જણાવેલી તિથિના એક દિવસ પહેલા બિલીપત્ર તોડી લેવા અને સોમવારે બિલીપત્ર ન તોડવા કોઈપણ મહિનામાં દ્વાદશી રવિ વારના દિવસે પડતી હોય તો સાંજ ના સમયે આ છોડવાની નીચે દીવો જરૂર પ્રગટાવવો. દીવો પ્રગટા વતી વખતે મનમાં તમારી મનોકામના બોલવી આવું કરવાથી તમારી ઈચ્છા જલદી પૂરી થતી હોય છે.સાથે જ આવું કરવાથી એ ઘરમાં ક્યારેય ધનની અછત પડતી નથી અને તમામ જન્મોના મહા પાપોથી મુક્તિ મળે છે. સદા શિવલિંગ પર બિલીપત્ર ચડાવવા થી સદા શિવ સદૈવ પ્રસન્ન રહે છે.તેમની કૃપાભક્તો પર ઉતરે છે.

બિલીની ઉત્પતિની કથા જોઈએ તો એકવાર દેવી ગિરિજાના વિશાળ લલાટ પર પરસેવાનું બિંદુ ઉપશ્યુ,દેવીએ તેને લૂછ્યુંને જમીન પર ફેંકયું.તે પરસેવાના બુંદથી વિશાળ વૃક્ષ થયું.એક દિવસ ફરતા ફરતા દેવી એ તે ઘટાદાર વૃક્ષ ને જોયું દેવીએ તે વૃક્ષનુંનામ બિલ્વ રાખ્યું,બિલ્વના પાંદડા વડે ભગવાન શિવજીનું ભાવપૂર્ણ રીતે પૂજન કરાય છે.બિલ્વના ક્યારાને જળથી ભરપૂર રાખવો જોઈએ વૃક્ષનું જતન કરવું પૂજન કરવું, અર્ચન કરવુ આમ કરવું એટલેજ શિવ પૂજન.ત્યાં દીવો પણ પ્રગટાવાય. બિલ્વવૃક્ષના મૂળ માં શિવ પાર્વતી, તેના થડમાં દેવી દાક્ષાયાની,શાખામાં મહેશ્વરી, પત્રોમાં પાર્વતી, ફળમાં કાત્યાયની, છાલ માં ગૌરી અને પુષ્પ માં ઉમા દેવીનો વાસ રહેલો છે.તેના કાંટાઓમાં નવ કરોડ શક્તિઓનો ભંડાર છે. શિવલિંગ પર બિલ્વ ચઢાવવું જોઈએ .વળી તે અખંડ ત્રિદલ હોવું જોઈએ. શ્રાવણ મહિનામાં શિવલિંગ પર બિલીપત્ર અર્પિત કરવું શુભ છે , કહે છે કે બિલીપત્ર ભોળાનાથનું પ્રિય પાન છે તેમાં પણ ચાર, પાંચ છ કે સાત પાન હોય તો તે શુભ માનવામાં આવે છે.બિલીપત્ર વિના શિવપૂજા અધૂરી માનવામાં આવે છે.બીલીનું વૃક્ષ સંપન્નતાનું પ્રતિક છે,સાથે સમૃધ્ધિ આપ નારું છે.બીલીના પાનને શિવજીનો આહાર માનવા માં આવે છે,તેથી ભક્તો ભોગ સ્વરૂપે બિલીપત્ર મહાદેવને અર્પણ કરે છે.શિવના ત્રણેય નેત્રને ત્રણ પાનવાળું બિલીપત્ર વધુ પ્રિય છે. ભગવાન શંકરને ભાંગ,ધતૂરો અને બિલીપત્ર જ પ્રસંશા કરી શકે છે,શિવજીની વિશેષ પુજા કરવા માટે બિલીપત્ર ચોક્કસ હોવું જોઈએ. ધાર્મિક શાસ્ત્રોમાં પણ બિલીપત્રનું મહત્વ સમજાવવામાં આવ્યું છે,શિવપુરાણમાં બિલવાષ્ટ કમનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.શંકરની સાથે પાર્વતીને બિલી પત્ર ચઢવાનું વિશેષ મહત્વ છે.મા ભગવતીને બિલીપત્ર અર્પણ કરો શ્રીમદ ભાગવતમાં સ્પષ્ટ વર્ણન કરવામાં આવ્યું છે, કે જે વ્યક્તિ માં ભગવતીને બિલીપત્ર અર્પણ કરશે, તે ક્યારેય કોઈપણ પરિસ્થિતિમાં દુઃખી થતી નથી તથા તેને દરેક સિધ્ધી પ્રાપ્ત થાય છે. વ્યક્તિની દરેક ઈચ્છા પરિપૂર્ણ થાય છે, અને અંતમાં મોક્ષની પ્રાપ્તિ થાય છે બિલીપત્રના પ્રકાર; બિલીપત્ર ચાર પ્રકારના હોય છે; અખંડ, ત્રણ પાન ના, છ થી એકવીસ પાનના બિલીપત્ર અને શ્વેત બિલીપત્ર.આ તમામ બીલીપત્રનું આગવું મહત્વ છે બિલ્વાષ્ટકમમાં લક્ષ્મી પ્રાપ્તિ અને સિધ્ધી માટે અખંડ બિલીપત્ર ઉત્તમ છે. એકમુખી રુદ્રાક્ષની જેમ અખંડ બીલીપત્રનું મહત્વ છે. આ વાસ્તુ દોષનું નિવારણ પણ છે. છ થી એકવીસ પાન ધરાવતા બિલી પત્ર નેપાળમાં વધારે જોવા મળે છે,ભારતમાં ભાગ્યે જ કયાંક જોવા મળે છે.જે રીતે સફેદ સાપ સફેદ આંખ વગેરે સફેદ હોયછે, તે જ પ્રમાણે બિલીપત્ર પણ હોય છે, જે પ્રકૃતિની અનોખી ભેટ છે કેટલાક વિશિષ્ટ વૃક્ષ પર બીલીના પાન લીલા નહિ પણ સફેદ હોય છે. વાચક ચાહક શિવ ભક્તો મઘા નક્ષત્રમાં મેઘરાજાની ચાતક નજરે કેટલાક વિસ્તારના ધરતી પુત્રો ઈન્તજાર કરી રહ્યા છે. આજે બીજા શ્રાવણ માસનો ચોથો દિવસ છે સૌ ભક્તો શિવ આરાધના ઉપાસના તલ્લીન થઈ રહ્યા છે. સૌનું સદા શિવ ભોળાનાથ દેવાધિદેવ મહાદેવ કલ્યાણ કરે તેવી પ્રાર્થના..

## સાઇકલ મારી સરરર.., મોટી ઉંમરે પેડલ મારવાની મોજ



કોરોનાના સમયમાં ઘરે બેસીને સતત કામ કરતી ૪૮ વર્ષની અમૃતાને પીઠમાં દુઃખાવો ઉપડ્યો. થોડા દિવસ તો એણે અવગણના કરી, પણ પતિદેવની સલાહ માનીને ડૉક્ટરની સલાહ લેવા ગઈ. ડૉક્ટરે જાત જાતના સવાલો પૂછ્યા, પછી એવું નિદાન કર્યું કે જીવનમાં તમે ક્યારેય સાઈકલ ચલાવી નથી એનું આ પરિણામ છે. દવાની કોઈ જરૂર નથી, હવે સાઈકલ ચલાવવાનું શરૂ કરો. ઢગલાબંધ દવાઓ અને એક્સરેની અપેક્ષા સાથે ગયેલી અમૃતાને ડૉક્ટરના નિદાનની બહુ નવાઈ લાગી. અને મોટી ઉંમરે સાઈકલ ચલાવતા શીખવાની મુંઝવણ ઊભી થઈ એ જુદું. ખેર, અમૃતા ડૉક્ટરની સલાહ માનીને એની દીકરી પાસેથી સાઈકલ ચલાવતા શીખવા લાગી. અને લગભગ છએક મહિનામાં એની પીઠનો દુખાવો મટી ગયો અને સાઈકલ ચલાવતા શીખી એ નફામાં. માને સાઈકલ ચલાવતા શીખવતી વખતે દીકરીને મોટી ઉંમરની મહિલાઓને સાઈકલ શીખવવાનો ઉત્તમ વિચાર આવ્યો. એણે સાઈકલ ચલાવતા ડરતી કે શરમ કે સંકોચ અનુભવતી સ્ત્રીઓને હિંમત આપીને પેડલ મારતા શીખવવાનું શરૂ કર્યું. આજકાલ જોકે કેટલાક લોકોએ અને ખાસ કરીને મહિલાઓએ મોટી ઉંમરે સાઈકલ ચલાવાનું શરૂ કર્યું છે. કેટલાંક શહેરોમાં એવી સંસ્થા અને કલબ છે જે સાઈકલ શીખવવાની નિઃશુલ્ક સેવા આપે છે. સામાન્ય રીતે મોટી ઉંમરે સાઈકલ શીખવા માગતા લોકોને હાડકાં ભાંગી જવાનો ભય હોય છે, પણ આવા સમયે વ્યક્તિની ઈચ્છાશક્તિ કામ આવે છે. મજબૂત મનોબળથી કાંઈપણ હાંસલ કરી શકાય છે. બાળપણથી સાઈકલ ચલાવનારાને વાંસાની તકલીફ ન થાય એવું પણ જરૂરી નથી, પરંતુ તમામ એક્સરસાઈઝમાં કે કસરત-કવાયતમાં સ્વિમિંગની જેમ સાઈકલ ચલાવવાની કસરત સૌથી ઉત્તમ છે.

## ૬૦ની ઉંમરમાં યુવાન દેખાવું હોય તો, દરરોજ સવારે ખાલી પેટ આ સફેદ દાણાનું સેવન કરો

ડ્રાઈફ્રુટ્સનું સેવન સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. આવી જ રીતે મખાના પણ સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભકારી છે. તેના સેવનથી સ્વાસ્થ્યને કોઈ લાભ મળે છે. મખાના, લોહીની કમી દૂર કરવા, શરીરને મજબૂત બનાવવાની સાથે સ્કિન માટે પણ લાભકારક સાબિત થાય છે. તેમાં કેટલાય પોષક તત્વ અને એન્ટીઓક્સીડેન્ટ હોય છે. આવો આજે અમે આપને મખાનાના ફાયદા જણાવીએ. સ્કિનને રાખશે હેલ્દી- હેલ્થલાઈનમાં છપાયેલી એક સમાચાર અનુસાર, મખાનામાં કેટલાય પોષક તત્વ અને એન્ટીઓક્સિડેન્ટ હોય છે. તેમાં કેટલાય અમીનો એસિડ હોય છે, જે પોતાની એન્ટી એજિંગ ગુણ માટે ઓળખાય છે. જેમાં ગ્લૂટામાઈન, સિસ્ટિન, આર્જિનિન અને મેથિયોનીન સામેલ છે. તે સ્કિન માટે ખૂબ જ ફાયદાકારક છે. રોજ મખાના ખાવાથી ત્વચાને હેલ્દી બનાવી રાખે છે. તે ફ્રી રેડિકલ્સને હટાવીને ત્વચાને ચમકદાર બનાવી રાખે છે.



તેના સેવનથી ચહેરા પરની કરચલીઓ ગાયબ થઈ જશે. મખાનામાં મળતા ગ્લૂટામાઈનનો ઉપયોગ પ્રોલાઈનનું ઉત્પાદન કરવા માટે થાય છે.જે કોલેજનમાં મળતા એક એમિનો એસિડ છે. આ ત્વચાને જવાન બનાવી રાખવામાં મહત્વની ભૂમિકા અદા કરે છે. હાર્ટને હેલ્દી રાખશે. મખાના, હાર્ટ માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. મખાનામાં કેટલાય એન્ટીઓકિસડેંટ્સ ગુણ હોય છે, જે હ્દયના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક માનવામાં આવે છે. તેના નિયમિત સેવનથી બીપી પણ કંટ્રોલ કરી શકાય છે. ડાયાબિટીઝ કંટ્રોલ કરશે, રોજ ખાલી પેટ મખાના ખાવાથી ડાયાબિટીઝ કંટ્રોલમાં રહે છે. બ્લડ શુગરના દર્દીઓ માટે મખાના એક સારુ ફુડ માનવામાં આવે છે.

વજન ઘટાડવામાં મદદ કરશે- મખાનાના રોજ સેવનથી વજન કંટ્રોલ થાય છે. જો આપ પણ વેટ ઘટાડવા માગો છો તો દરરોજ ખાલી પેટ મખાનાનુ સેવન કરો. તેમાં રહેલા તત્વ વેટ લોસમાં ફાયદાકારક થાય છે. તેના સેવનથી દિવસભર ભૂખ ઓછી લાગશે અને બોડીમાં પોષક તત્વની કમી પણ દૂર થાય છે. પાચન તંત્ર મજબૂત કરે- મખાનામાં ફાઈબર, કેલ્શિયમ, આયરન ફોસ્ફોરસ સહિત કેટલાય પોષક તત્વ રહેલા હોય છે. તેમાં ભરપૂર માત્રામાં એન્ટીઓક્સિડેન્ટ અને એન્ટીઈફ્લેમેટરી ગુણ હોય છે.

## શું ભારતમા ડીઝીટલ કરન્સી લાવવી હિતાવહ છે?




ડિજિટલ કરન્સી એ ચલણ છે જે ફક્ત કમ્પ્યુટર અથવા મોબાઈલ ફોનથી જ ચાલે છે કારણ કે તે ફક્ત ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવે છે. આ કારણથી પૈસાની લેવડદેવડ માટે કોઈ વચેટિયાની જરૂર પડતી નથી. ઘણીવાર પૈસાની લેવડદેવડમાં વચ્ચેનો દલાલ અમુક પૈસા તમને ટ્રાન્સફર ફી ના નામે ચાર્જ કરતા હોય છે તે ડિજિટલ કરન્સીમાં કોઈ વધારાનું ચુકવણું આપવાનું રહેતું નથી. તમે જો તમારો વેપાર ધંધો ફક્ત ભારતમાં જ નહીં પણ ભારતની બહાર પણ કરતા હો અથવા વારંવાર વિદેશ પ્રવાસ કરતા હો ત્યારે તમારા પૈસાને બીજા દેશની કરન્સીમાં ચૂકવવા માટે કોઈ વધારાનો પ્રોસેસ કરવો પડતો નથી. ઈન્ટરનેટના એક જ નેટવર્ક હેઠળ બે જુદી જુદી કરન્સીઓમાં લેવડદેવડ કરવી હોય તો ડિજિટલ કરન્સી એ ઉત્તમ ઉપાય છે. અત્યારે તમે જે કિસ્સામાં કાગળની ચલણી નોટ રાખો છો એને અંગ્રેજીમાં ફિયાટ કરન્સી કહેવાય છે, આ ચલણી નોટ છાપવા માટે તથા એને જાળવવા માટે અને સમય સમયે એનું ઉત્પાદન કરવામાં તથા ફાટી ગયેલી ચલણી નોટો બદલવામાં દરેક દેશોની સરકારને ખૂબ ખૂબ ખર્ચો થાય છે પણ ડિજિટલ કરન્સીને કારણે આ ખર્ચ લગભગ નહિવત થઈ જાય છે. સરકારને ડિજિટલ કરન્સી જાળવવા માટે ફકત એક નેટવર્કની જ જરૂર હોય છે. એથી વધુ કંઈ કરવાનુ રહેતું નથી. ડિજિટલ કરન્સીનો સૌથી મોટો ફાયદો ભ્રષ્ટાચાર રોકવામાં મદદ થાય તે છે.

ઘણી વખત તમારે સરકારી કામકાજ અથવા કોઈ જરૂરી કામ માટે પૈસા ભરવાના હોય તો કચેરીમાં એ કામ માટે ભાવતાલ થઈ શકે છે પણ એ જ પૈસા જો તમારે ડિજિટલ કરન્સીના સ્વરૂપે ઓનલાઈન ભરી દેવાના હોય તો ત્યાં વચેટિયાઓને ભ્રષ્ટાચાર કરવાની તક મળતી નથી આ ડિજિટલ કરન્સીનો આ સૌથી મોટો ફાયદો છે. ડિજિટલ કરન્સી ને લીધે કાગળની ચલણી નોટોમાં થતી છેતરપિંડી અથવા તો બનાવટી નોટો જે વ્યવહારમાં આવી જાય છે એની ઉપર સખત કાબુ મેળવી શકાય છે. બેંકમાં તમારે બે ત્રણ ખાતા હોય તો બેંકમાં ધક્કો ખાધા વગર ડિજિટલ કરન્સી એક ખાતામાંથી બીજા ખાતામાં ઝડપ થી ટ્રાન્સફર કરી શકાય છે.

ઘણી વખત કોઈ ના પૈસા લેણા નીકળતા હોય અને ચેકથી પૈસા આપે તો ચેક બાઉન્સ થવાની શક્યતા રહેલી છે પણ તમે એ પૈસા ડિજિટલ કરન્સીમાં માગો તો ચેક્ બાઉન્સ થવા માટેની કોઈ શક્યતા રહેતી નથી. તમારા દેશમાં ડિજિટલ કરન્સી જેટલી વધશે એટલો આંતરરાષ્ટ્રીય વેપાર વધશે અને એથી દેશને ઘણો ફાયદો થાય છે અને એથી જ અત્યારની ભારત સરકાર ડિજિટલ કરન્સી માટે ખૂબ ઉત્તેજન આપે છે.

## આ શાકભાજીથી ચાંદ જેવો ચહેરો ચમકવા લાગશે

આપ ઘરમાં રાખેલા બટાટાની મદદથી ખૂબ જ સરળતાથી ત્વચાનો રંગ નિખારી શકશો અને ચહેરા પર ગ્લો લાવી શકશો. અહીં અમે વાત કરી રહ્યા છીએ કે આપ કેવી રીતે બટાટાનો ફેસ પેક બનાવી અને તેનો ઉપયોગ કરી શકશો.

વરસાદના દિવસોમાં કેટલીય એવી સમસ્યા શરુ થઈ જાય છે. વધારે પરસોથી પોર્સ બ્લોક થઈ જાય છે. સ્કિન પર ડ્રાઈનેસ આવી જાય છે. ચહેરા પર ડાઘ ધબ્બા દેખાવા લાગે છે અને નિખાર ક્યાક ગાયબ થઈ જાય છે. ત્યારે આવા સમયે લોકો પાર્લરમાં જઈને મોંઘા ફેશિયલ વગેરે કરાવે છે. પણ થોડા દિવસોમાં જ સ્કીન ફરીથી ડલ થવા લાગે છે. જો આપ ચહેરા પર નેચરલ ચીજોની મદદથી ઈંસ્ટેંટ નિખાર મેળવવા માગો છો, તો અમુક ઘરેલુ ઉપાયોની મદદ લઈ શકશો. આપ ઘરમાં રાખેલા બટાટાની મદદથી ખૂબ જ સરળતાથી ત્વચાનો રંગ નિખારી શકશો અને ચહેરા પર ગ્લો લાવી શકશો. અહીં અમે વાત કરી રહ્યા છીએ કે આપ કેવી રીતે બટાટાનો ફેસ પેક બનાવી અને તેનો ઉપયોગ કરી શકશો. પહેલા બટાટાને સારી રીતે ધોઈ નાખો અને છાલ કાઢીને છુંદી નાખો. બાદમાં ડુંગળીને પણ છુંદીને મિશ્ર કરી નાખો. હવે તેમાં દહીં અને મધ ભેળવો. ફેસપેક તૈયાર થઈ જશે. તેને ચહેરા પર લગાવો અને ૧૫ મિનિટ બાદ ચહેરાને ધોઈ



નાખો. તે આપની સ્કિનને નિખાર આપશે અને ભેજ બનાવી રાખવામાં મદદ કરશે. જો કે કોઈ પણ પ્રકારની એલર્જીથી બચવા માટે પેચ ટેસ્ટ જરુરથી કરાવો.

સૌથી પહેલા બટાટાને બાફી લો અને ઠંડા કરીને છુંદી નાખો. તેમાં મધ, લીંબૂનો રસ અને દહીં ભેળવો અને તમામ સામગ્રીને સારી રીતે બનાવીને ફેસ પેક તૈયાર કરી લો. હવે તેને સાફ ચહેરા પર લગાવો અને સારી રીતે મસાજ કરો. તેને ચહેરા પર રહેવા દો અને ૧૫-૨૦ મિનિટ સુધી સુકાવા દો. સુકાયા બાદ ઠંડા પાણીથી ચહેરો ધોઈ નાખી. તે આપનો ચહેરો નિખારશે અને રંગ સાફ કરશે. તેના ઉપયોગથી ટૈનિંગ પણ દૂર થશે. ઉપયોગ કરતા પહેલા પૈચ ટેસ્ટ જરુર કરાવી લો.

## ન્હાવામાં આ ભૂલ ચામડીની તકલીફોને આમંત્રણ આપશે



હાલ લગભગ તમામ લોકો નાહવામાં લુફાનો ઉપયોગ કરતા જ હોય છે. પણ શું તમને ખબર છે જો યોગ્ય રીતે લુફાનો ઉપયોગ ન કર્યો તો ચામડીને લગતી ગંભીર બીમારીનો તમે શિકાર થઈ શકો છો. જર્નલ ઓફ ક્લીનિકલ માઈક્રોબાયોલોજીમાં પ્રકાશિત થયેલા રિસર્ચનાં પરિણામોમાં સામે આવ્યુ છે, કે લૂફાના ઉપયોગ બાદ જો તમે લૂફાને વ્યવસ્થિત રીતે સાફ નથી કર્યું અને તડકામાં નથી સૂકવ્યું તો તેમાં કેંડિડા કે ડર્માટોફાઈટ્સ જેવી ફંગલ જન્મી શકે છે. જેના લીધે ખંજવાળ કે યીસ્ય ઈન્ફેક્શન જેવી સમસ્યાઓ આવી શકે છે. વિશેષજ્ઞોના મતે તો દર ત્રણ સપ્તાહમાં લૂફા બદલવો જોઈએ.જો આમ નથી કરતા તો લૂફામાંનાં જીવાણું તમારી ત્વચામાં ઈન્ફેક્શન ફેલાવી શકે છે. રાજીકા કચેરિયા, કોસ્મેટોલોજિસ્ટના મતે, જેની સ્કિન ડ્રાઈ હોય છે.

## ઘઉંનો પણ બાપ છે આ લોટ



વિટામિન બી ૧૨ની કમી શરીરને નબળું બનાવી દે છે. એટલા માટે તેને વધારનારા ફુડનો ઉપયોગ કરવો જોઈએ. ચેટજીપીટીએ તેનાથી ભરપૂર અમુક શાકાહારી વસ્તુઓ બતાવી છે. ઘઉં સૌથી વધારે ખવાતું અનાજ છે. દરેક ઘરમાં ઘઉંના લોટની રોટલી ખાવામાં આવે છે. તે ફાઈબર પ્રોટીન, કાર્બ્સ અને કેટલાય પોષક તત્વોનો સમૃદ્ધ સ્રોત છે. પણ તેમાં ગ્લૂટેન પણ હોય છે, જે એલર્જી ઉત્પન્ન કરે છે. તેમાં જરુરી વિટામિન બી ૧૨ પણ નથી હોતું. વિટામિન બી ૧૨ની કમીના લક્ષણ- આજકાલ લોકોમાં વિટામિન બી ૧૨ની કમી વધતી જાય છે. એનએચએસ જણાવે છે કે, તેની કમીથી માથાનો દુખાવો, ભૂખ ન લાગવી, નબળી યાદશક્તિ, થાક, નબળાઈ, સોજાયેલી જીભ, શ્વાસની તકલીફ ઊભી કરે છે. તે માઈક્રોન્યૂટ્રિએંટ ચિકન, મીટ, માછલી, ઈંડાથી ભરપૂર હોય છે. પણ આ તમામ ફુડ નોન વેજિટેરિયન છે, જેને શાકાહારી લોકો નથી ખાઈ શકતા. પણ ગભરાવાની કોઈ વાત નથી. કેમ કે ચેટજીપીટીએ વિટામિન બી ૧૨થી ભરેલા શાકાહારી ખાદ્ય પદાર્થોની આખી લિસ્ટ આપી છે. ચેટજીપીટી બતાવે છે કે, વેજ ફુડમાં વિટામિન બી ૧૨ થોડી માત્રામાં હોય છે. એટલા માટે ફોર્ટિફાઈડ અનાજનું સેવન કરી શકે છે. તેમાં રાજમા અને મકાઈનો લોટ સામેલ છે. તે ખાદ્ય પદાર્થ નસોની નબળાઈને દૂર કરવાનું કામ કરે છે. સોયા ખાવાની પ્રોટીન, કેલ્શિયમ, આયરન, વિટામિન સી, મેગ્નેશિયમ મળે છે. તેને ફોર્ટિફાઈડ કરીને કોબાલામિન પણ નાખે છે. તેનાથી બનેલા દૂદ-દહીંનુ સેવન આપના શરીરને દેસી રીતે તગડું બનાવી શકે છે. તે પનીરની માફક દેખાતું એક ફુડ છે. જેને સોયાબીનથી બનાવામાં આવે છે. તે બિલ્કુલ ગ્લૂટેન ફ્રી હોય છે, જે નબળા હાડકામાં જાન ભરી દે છે. આપ તેને પનીરની માફક શાક બનાવીને પણ ખાઈ શકો છો. ડેરી પ્રોડક્ટ લેવાથી પ્રાકૃતિક રુપથી વિટામિન બી ૧૨ વધે છે. દૂધ, દહીં, પનીર ખાવાથી પ્રોટીન, કેલ્શિયમ સહિત કેટલાય વિટામિન તથા મિનરલ મળે છે. જો કે, લેક્ટોઝ ઈનટોલરેન્સથી પીડિત લોકોએ તેનું સેવન કરવું જોઈએ નહીં. યીસ્ટ એક વીગન ફુડ છે. જેને ખાવાથી સ્વાદિષ્ટ બનાવવામાં ઉપયોગ કરી શકાય છે.



## વરસાદમાં અસ્થમાના દર્દીઓને વધી જાય છે જોખમ, જાણો બચવા માટે શું કરશો

અસ્થમાની તકલીફ ચોમાસાની સિઝનમાં વધારે થાય છે. આ સિઝન એક એવી છે જેમાં હેલ્થનું ધ્યાન વધારે રાખવુ પડે છે. અસ્થમાના દર્દીઓ ચોમાસાની સિઝનમાં ધ્યાન રાખતા નથી તો અનેક તકલીફો થઈ શકે છે. ચોમાસાની સિઝનમાં હેલ્થની કેર કરવી ખૂબ જરૂરી છે. આ સિઝનમાં તમે હેલ્થની કેર પ્રોપર રીતે કરતા નથી તો અનેક સમસ્યાઓ વધી શકે છે. આ સિઝનમાં ખાસ કરીને અસ્થમાના દર્દીઓને વધારે તકલીફ પડે છે. આ દિવસોમાં તડકો બરાબર ના નિકળવાને કારણે શ્વાસ લેવામાં અનેક તકલીફ પડે છે. આ સમયે અનેક પ્રકારના પ્રોબ્લેમ્સ થઈ શકે છે. એવામાં જરૂરી છે કે અસ્થમાના દર્દીઓએ આ સિઝનમાં કેવી રીતે પોતાની હેલ્થનું ધ્યાન રાખવુ. આમ, તમને અસ્થમાની તકલીફ છે તો આ ઉપાય તમારા માટે બેસ્ટ છે.અસ્થમાના દર્દીઓને ફેફસાં સુધી હવા પહોંચવામાં અનેક તકલીફ પડતી હોય છે. ખાસ કરીને વરસાદની સિઝનમાં ફેફસાના વાયુમાર્ગમાં સોજા વધી જાય છે જેના કારણે અસ્થમા એટેક આવવાનું જોખમ વધી જાય છે. વરસાદમાં તડકો બરાબર નિકળતો નથી જેના કારણે આ સમસ્યા વધી જાય છે. ઠંડા વાતાવરણમાં શ્વાસની બીમારી વધી જાય છે. આ કારણે અસ્થમા વધી જાય છે.


વરસાદના વાતાવરણમાં હવા ખરાબ થવાને કારણે અસ્થમા એટેકનો ખતરો વધી જાય છે. આમ, તમને અસ્થમાની તકલીફ છે તો તમે ખાસ કરીને આ વાતનું ધ્યાન રાખો. આ સમયે છીંક વધારે આવે છે જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ પડે છે. આમ, તમને પણ વરસાદના વાતાવરણમાં શ્વાસ લેવામાં તકલીફ પડે છે તો તમે ખાસ કરીને ડોક્ટરનો સંપર્ક કરો.

વરસાદને કારણે ફંગસ થવાના ચાન્સિસ વધી જાય છે. આ શ્વાસની સમસ્યા દર્દીઓ માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. આ સમયે તમે તરત ડોક્ટરનો સંપર્ક કરો. આ સિઝનમાં ખાસ કરીને નાસ લેવાની આદત પાડો. તુલસી, જીરું અને એસેન્શિયલ ઓઈલ મિક્સ કરીને તમે નાસ લો છો તો અસ્થમાના દર્દીઓ માટે બેસ્ટ છે.

વરસાદના વાતાવરણમાં ખાસ કરીને સફાઈનું ધ્યાન રાખો. આ એક મહત્વનો ભાગ ભજવે છે. તમે જે પણ ચાદર, ઓશિકા યુઝ કરો છો એને ચોખ્ખા રાખો. આ સિઝનમાં અસ્થમાના દર્દીઓએ ગરમ વસ્તુઓ ખાવી જોઈએ. બહારનું જંક ફૂડ ખાવાનું ટાળો. જંક ફૂડ ખાવાથી અનેક તકલીફો થઈ શકે છે. અસ્થમાની તકલીફ ચોમાસાની સિઝનમાં વધારે થાય છે. આ સિઝન એક એવી છે.

## Migraine ના દુખાવામાંથી મિનિટોમાં છૂટકારો મેળવો

ઘણાં બધા લોકોને માઈગ્રેનનો દુખાવો થતો હોય છે. માઈગ્રેનના દુખાવાથી વ્યક્તિ સખત કંટાળી જાય છે. માઈગ્રેનનો દુખાવામાંથી રાહત મેળવવા માટે આ પાવડર બેસ્ટ છે. આ પાવડરથી તમને આરામ થઈ જાય છે. માઈગ્રેનના દુખાવાથી અનેક લોકો કંટાળી જતા હોય છે. માઈગ્રેનના દુખાવો વ્યક્તિને હેરાન કરી દે છે. આ દુખાવામાંથી છૂટકારો મેળવવા માટે લોકો જાતજાતની દવાઓ અને નુસખાઓ અજમાવતા હોય છે. આમ, તમે પણ માઈગ્રેનના દુખાવાથી કંટાળી ગયા છો તો આ પાવડર તમારા માટે બેસ્ટ છે. આ પાવડર તમને માઈગ્રેનના દુખાવામાંથી રાહત અપાવવાનું કામ કરે છે. તો જાણો ઘરે કેવી રીતે પાવડર બનાવશો.આ પાવડર બનાવવા માટે સૌ પ્રથમ મિક્સર જાર લો અને આ ત્રણેય વસ્તુઓ એક સાથે ક્રશ કરી લો. પછી આ પાવડરને એક એરટાઈટ ડબ્બીમાં ભરી લો. તો તૈયાર છે માઈગ્રેનના દુખાવામાંથી રાહત અપાવતો આ પાવડર. આ પાવડર તમારે દિવસમાં



એક-એક ગ્રામ ૩ વાર લેવાનો રહેશે. આ પાવડર તમે સતત અઠવાડિયુ લો છો તો આરામ થઈ જાય છે. આ પાવડર તમને માથાના દુખાવામાંથી પણ રાહત અપાવે છે. આમ, તમને પણ સતત માઈગ્રેનનો દુખાવો થાય છે તો પાવડર તમારા માટે બેસ્ટ છે. આ પાવડર તમે દરરોજ સવારમાં લઈ શકો છો. આમ, તમારે દરરોજ લેવો નથી તો તમને જ્યારે માથુ દુખે ત્યારે તમે લઈ શકો છો. આ પાવડરથી રાહત જલદી થઈ જાય છે. આ પાવડર હેલ્થને હેલ્ધી રાખવાનું કામ કરે છે. માઈગ્રેનના દુખાવામાંથી રાહત મેળવવા માટે તમે યોગા પણ કરી શકો છો. યોગા કરવાથી તમને રાહત મળે છે. યોગા તમે રેગ્યુલર કરો છો તો તમને મોટી રાહત થાય છે.

## અનિદ્રાની તકલીફથી કંટાળી ગયા છો? ડાયટમાં આ ફૂડ્સ એડ કરો, ઘસઘસાટ ઊંઘી જશો

અનેક લોકોને રાત્રે ઊંઘ આવતી નથી. રાત્રે ઊંઘ ના આવવાને કારણે વ્યક્તિ બેચેની અનુભવે છે અને બીજા દિવસે કામ કરવાનો બહુ કંટાળો આવે છે. આ માટે રાત્રે ઊંઘ આવવી ખૂબ જરૂરી છે.હુંફાળુ દૂધ પીઓઃ આજની આ ફાસ્ટ લાઈફમાં અનેક લોકોને અનિદ્રાની સમસ્યા હોય છે. અનિદ્રામાં વ્યક્તિને ઊંઘ આવતી નથી. ઊંઘ ના આવવાને કારણે અનેક વાર મગજમાં જાતજાતના નેગેટિવ વિચારો આવતા હોય છે. આ વિચારોને કારણે વ્યક્તિ હેરાન થાય છે. આમ, તમને પણ અનિદ્રાની સમસ્યા છે તો તમે રાત્રે હુંફાળુ દૂધ પીવાનું શરૂ કરી દો. હુંફાળુ દૂધ પીવાથી શરીરને આરામ મળે છે, જેના કારણે બેચેની જેવી સમસ્યા દૂર થાય છે. હુંફાળુ દૂધ પીવાથી ઊંઘ સારી આવે છે.



અખરોટઃ અખરોટ સારી ઊંઘ લાવવાનું કામ કરે છે. અખરોટ જેવા નટ્સમાં મેલાટોનિન નામનો સારો સ્ત્રોત સારો હોય છે. આ નટ્સ તમને સારી ઊંઘ લાવવામાં મદદ કરે છે. આ સિવાય અખરોટમાં લિનોલેનિક એસિડ હોય છે જે એક રીતે ઓમેગા ૩ ફેટી એસિડ છે. આ શરીરમાં



DHA માં કન્વર્ટ થઈને સારી ઊંઘ લાવવામાં મદદ કરે છે. કેળાઃ કેળા સ્વાસ્થ્ય માટે અનેક રીતે ફાયદાકારક છે. કેળા કેલ્શિયમથી ભરપૂર હોય છે. આ સિવાય કેળામાં મેગ્નેશિયમ, ટ્રિપ્ટોફેન, વિટામીન બી ૬, કાર્બ્સ અને પોટેશિયમ જેવા તત્વોથી ભરપૂર હોય છે. કેળામાં રહેલા તત્વો તમને ઊંઘ લાવવામાં મદદ કરે છે. દરેક વ્યક્તિએ દિવસમાં એક કેળુ ખાવુ જોઈએ. કેળા ખાવાથી તમે બીજી અનેક બીમારીઓ સામે લડી શકો છો. ઘાસ પાવડરઃ સારી ઊંઘ લાવવા માટે ઘાસનો પાવડર પીવાનું શરૂ કરી દો. ઘાસનો પાવડર પીવાથી ઊંઘ સારી આવે છે. ઘાસમાં કેલ્શિયમ, ટ્રિપ્ટોફેન, ઝિંક, પોટેશિયમ, મેગ્નેશિયમ હોય છે જે તમારી ઓવર ઓલ હેલ્થ માટે ફાયદાકારક સાબિત થાય છે.

ગંઠોડાનું દૂધ પીઓઃ તમને રાત્રે ઊંઘ આવતી નથી તો તમે ગંઠોડાનું દૂધ પીવાનું શરૂ કરી દો. આ દૂધ પીવાથી રાત્રે ઊંઘ સારી આવે છે. આ માટે તમે એક કપ દૂધ ગરમ કરવા માટે મુકો. દૂધ ગરમ થઈ જાય એટલે એમાં અડધી ચમચી ગંઠોડા નાખો અને ઉકાળો. પછી આ દૂધ હુંફાળુ થાય એટલે પીઓ. આ દૂધ પીવાથી ઊંઘ સારી આવે છે.

### પાલનપુર ખાતે

## કલેક્ટર વરૂણકુમાર બરનવાલના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

### ધારાસભ્યશ્રીઓ દ્વારા વિવિધ વિભાગોને પૂછવામાં આવેલ પ્રશ્નનોની ચર્ચા કરવામાં આવી




। ડીસા, તા.૧૯ ।

પાલનપુર કલેક્ટર કચેરી ખાતે બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી વરૂણકુમાર બરનવાલના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ધારાસભ્યઓએ પૂછેલા પ્રશ્નોના પાઠવેલ જવાબો પરત્વે અને જિલ્લાના વિવિધ વિભાગોના આંતરિક પ્રશ્નો બાબતે વિગતે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં કલેક્ટરએ અધિકારીઓને તમામ જનપ્રતિનિધિઓ તથા પદાધિકારીઓને એમના પ્રશ્નોના જવાબ ઈમેલ પર અચૂક મળી જાય એની ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું.

બેઠકમાં ઉપસ્થિત ધારાસભ્યઓ દ્વારા માર્ગ-મકાન, સિંચાઈ, શિક્ષણ, આરોગ્ય, ભૂસ્તર વિભાગ, રેલ્વે સહિતના વિવિધ વિભાગોની રજૂઆત અંગે અધિકારીઓ દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત સંકલન સમિતિની બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગોના આંતરિક પ્રશ્નો બાબતે પણ ચર્ચા વિમર્શ કરવામાં આવ્યો હતો. કલેકટર વરૂણકુમાર બરનવાલે તમામ પ્રશ્નોની સમીક્ષા કરી સરકારી વિભાગો વચ્ચેના સંકલનને સુદ્રઢ બનાવી જલ્દી પ્રશ્નોનો ઝડપથી ઉકેલ લાવવા સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં ધારાસભ્યો સર્વ શ્રીમતી ગેનીબેન ઠાકોર, કાંતિભાઇ ખરાડી, માવજીભાઈ દેસાઈ, અમૃતજી ઠાકોર, જીજ્ઞેશભાઇ મેવાણી જિલ્લા વિકાસ અધિકારી સ્વપ્રિલ ખરે, પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા, નાયબ વન સંરક્ષક અભયકુમાર સિંઘ, નિવાસી અધિક કલેક્ટર સુ આર.એન. પંડ્યા, પ્રોબેશનર મદદનીશ કલેકટર સ્વપ્રિલ સિસ્લે, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક આર.આઈ.શેખ, પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ અને વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બુધવારી અમાસે કુબેર દાદાના દર્શને પાંચ લાખથી વધુ શ્રદ્ધાળુંઓ ઉમટ્યા



। રાજપીપળા, તા.૧૯ ।

અધિક શ્રાવણમાસના અંતિમ દિવસે બુધવારી અમાસે કરનાળી ખાતે કુબેર દાદાના દર્શને પાંચ લાખથી વધુ શ્રદ્ધાળુંઓનો માનવ મહેરામણ ઉમટ્યો હતો. મોડી રાત સુધી ભક્તોની ભારે ભીડ જામી હતી.કલાકો સુધી લાંબી લાંબી કતારોમાં ભક્તોએ કુબેરદાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. વાહનોની લાંબી કતારોના દ્રશ્યો સામે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

### ડીસાના સાહીલમાં પાર્ક સોશાઈટીમાં

## રોડ રસ્તા અને પાયાની જરૂરીયાતો મેળવવા ચીફ ઓફીશર, નાયબ કલેકટર અને એમ.એલ.એ ને અપાયુ આવેદન પત્ર

### ભેદભાવ રાખી અને પાસ થયેલા રોડ અન્ય જગ્યાએ ફેરવાતા, વોટીંગનો બહીસ્કાર કર્યા બાદ, ન્યાય નહી મળે તો વેરો નહી ભરી કાનુની રાહે જવાની ચીમકી અપાઈ



। મહંમદ રફીક શેખ (રાજુ) ડીસા, તા.૧૯ ।

બનાસકાંઠા જીલ્લાની આર્થીક નગરી ડીસામાં નગરપાલીકા ની હદમાં વોર્ડ નં. ૯ માં આવેલ સાહીલ પાર્કમાં સોશાઈટીમાં રોડ રસ્તા અને પાયાની જરૂરીયાતો મેળવવા સોશાઈટીના રહીસો દ્વારા ડીસા નગરપાલીકા ચીફ ઓફીશર, નાયબ કલેકટર અન ધારાસભ્ય ને આવેદન પત્ર આપી તેના દ્વારા જણાવવાયુ હતુ કે સાહીલ પાર્કમાં ભુગર્ભ ગટર બન્યાને પણ વર્ષો વિતીગયા છતાય ખાડા ટેકરા વાળા કાચા ખર્બચડા રોડ રસ્તા છે, તથા અન્ય પાયાની સુવીધાઓ થી વંચીત છે તેઓને અનેક વખત ઓન પેપર સાહીલ પાર્કના સી.સી રોડ પાસ થઈ ગયા છે તેમ બતાવી બીજી જગ્યાએ અગાઉ બનેલા પાકા રોડ ઉપર બીજા રોડ બનાવી નાખેલ તથા હાલ સોશાઈટીના નાકા સુધી સી.સી રોડ પાસ થઈ ગયેલ છે, ત્યારે તેમાં પણ સાહીલ પાર્કને બાકાત રખાતા તેના લીધે વોર્ડ નં. ૯ ના સત્તાધીસો સાહીલ પાર્ક સોશાઈટીને પ્રત્યે જાણી જોઈ હસદ રાખી સોશાઈટીને પાયાના કામોથી વંચીત રાખતા હોય તેવા દ્રશ્યો સ્પષ્ટ નજર સમક્ષ આવે છે જેના પગલે હાલ યોજાયેલ પેટા ચુંટણીમાં સાહીલ પાર્કના મતદાતાઓ દ્વારા મતનો બહીસ્કાર કર્યા બાદ ન્યાય નહી મળે ત્યાં સુધી નગરપાલીકાનો વેરો નહી ભરી કાનુનનો સહારો લેવાની ચીમકી પણ અપાઈ હતી ઉલ્લેખનિય છે કે જી.ઇ.બી સ્ટેશનની પાછળ અને વિવેકાનંદ હાઈસ્કુલની પાસે આવેલ સાહીલ પાર્ક સોસાયટીના રહીસોમાં મોટાભાગના લોકો નોકરિયાત તથા વેપારી વર્ગના છે અને બઝારમાં વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી ખુબજ સાંતી પ્રિય હોવાની છબી ધરાવે છે તથા ભુતકાળમાં તમામ ટેક્ષ સમયસર ચૂકવતા પણ આવ્યા છે.

## નર્મદા ધારીખેડા સુગર ફેક્ટરીની ૩૪મી વાર્ષિક સાધારણ સભા મળી



। રાજપીપળા, તા.૧૯ ।

નર્મદા જિલ્લા સહિત ભરૂચનર્મદા જિલ્લાના ખેડૂતોની જીવાદોરી ગણાતી નર્મદા સુગર ધારીખેડાની ૩૪મી વાર્ષિક સાધારણ સભા રાજપીપળાના ધારાસભ્ય ડૉ.દર્શનાબેન દેશમુખની ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં નર્મદા સુગર ફેક્ટરીએ ખેડૂતોના હિત માટે અને તેઓના ઉત્કર્ષ માટે કરેલા કાર્યોનો ચિતાર નર્મદા સુગર ફેક્ટરી ન ચેરમેન ઘનશ્યામભાઈ પટેલે રજૂ કર્યો હતો. આ પ્રસંગે નર્મદા સુગરના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલ એમડી નરેન્દ્ર પટેલ, પુર્વ વન મંત્રી શબ્દશરણ તડવી સહિત નર્મદા સુગર ફેક્ટરી ના ડિરેક્ટરો તેમજ મોટી સંખ્યામાં સભાસદો ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય ડોક્ટર દર્શનાબેન દેશમુખે નર્મદા જિલ્લામાં નર્મદા સુગર ફેક્ટરી ખેડૂતોના કલ્યાણ અર્થે તેઓના આર્થિક વિકાસ અર્થે પ્રસંશનીય કામગીરી કરતા સંચાલક મંડળને વધાવ્યો હતો, અને ફેક્ટરી ઉત્તરોત્તર પ્રગતિ કરી ખેડૂતો ના હિતમાં કામગીરી કરે એવા આશાવાદ પણ વ્યક્ત કર્યો હતો. નર્મદા સુગર ફેક્ટરી ના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલે સુગર ફેક્ટરી દર વર્ષે નવા નવા આયામો સિદ્ધ કરતી હોવાનું જણાવી સંચાલક મંડળ દ્વારા ખેડૂતોને શેરડીના મહત્તમ ભાવો આપવાના પણ પ્રતિવર્ષ પ્રયાસો કરવામાં આવતા હોવાનો અને ખેડૂતોનો હિત તમામ ક્ષેત્રે જોવાતું હોવાનું જણાવ્યું હતું, અને દર વર્ષે સુગર ફેક્ટરી સુગર ફેડરેશન સહિત અન્ય વિભાગો દ્વારા આપવામાં આવતા એવોર્ડ પર પ્રાપ્ત કરી રાજ્ય સહિત સમગ્ર દેશમાં પણ પ્રસિધ્ધિ મેળવતી હોવાનો જણાવ્યું હતું, અને નર્મદા સુગર ફેક્ટરી નો સંચાલક મંડળ દ્વારા હંમેશા ખેડૂતોના હિતમાં જ હંમેશાં નિર્ણયો લેવાતા હોવાનું પણ ચેરમેન ઘનશ્યામ પટેલે જણાવ્યું હતું.

### ઝાલોદ તાલુકાના ટાઢાગોળા મુકામે

## ચા બનાવવાની તકરારમાં પૌત્રએ દાદાની હત્યા કરી

### બાપે પોતાના પુત્ર વિરુધ્ધ ચાકલીયા પો.મથકે ફરિયાદ નોંધાવતાં પોલિસ દ્વારા હત્યા કરનારની ધરપકડ કરાઈ

। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૯ ।

૧૭ ઓગસ્ટના રોજ રામા ગવજી કટારા પોતાના ઘરે હતા તે સમય દરમિયાન તેમના બીજા ઘરે જ્યાં તેમના પિતા રહે છે ત્યાંથી ચીસાચીસનો અવાજ સંભળાયો હતો. ત્યારે ગવજીભાઈ એ જોયું કે દાદા અને પૌત્ર વાંચે તકરાર ચાલતી હતી.

અચાનક ગવજીભાઈના પિતા દોડીને તેમના પાડોશીના ઘરમાં જતા રહેલ હતા અને ગવજીભાઈનો પુત્ર દાદાની પાછળ સળિયો લઈ દોડતો જતો હતો. પૌત્ર દ્વારા દાદાના માથા પર અને શરીર પર સળિયાના ફટકા મારતા દાદા જમીન પર પટકાઈ ગયેલ હતા. ત્યારે ગવજીભાઈ દ્વારા બૂમાબૂમ કરવામાં આવતા તેમનો પુત્ર દાદાને મારી ત્યાથી નાશી ગયેલ હતો. ત્યારબાદ તાત્કાલિક ૧૦૮ બોલાવવા આવેલ હતી તે દરમ્યાન ગવજીભાઈ દ્વારા તેમની માતાને ઝગડો કેમ થયો તે પૂછતાં તેમણે કહ્યું કે પૌત્ર એ ચા બનાવવાનું કીધું હતું ત્યારે દાદાએ સાંજ પડી ગઈ હોવાથી ચા



બનાવવાનું ના કહેતા પૌત્ર દ્વારા તકરાર કરવામાં આવતા દાદા અને પૌત્ર વચ્ચે બોલાચાલી થવા લાગી હતી તેવામાં પૌત્ર આવેશમાં આવી જતાં દાદાને મારવા દોડ્યો હતો.

ઘાયલ પિતાને તેમના છોકરા દ્વારા દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવેલ હતા ત્યાં ઘાયલ દર્દીનું સારવાર દરમ્યાન મોત નીપજેલ હતું. આ અંગે પોલિસ દ્વારા દાદાને મારનાર પૌત્રને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## 'મારી માટી, મારો દેશ' અભિયાન હેઠળ સુરત શહેર-તાલુકા, ગ્રામકક્ષાએ દસ દિવસ દરમિયાન ૧,૦૬,૩૯૦થી વધુ નાગરિકોએ જોડાઈને લીધી પંચપ્રણ પ્રતિજ્ઞા

### ગ્રામ્ય, તાલુકા, નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં ૫૯૫શિલાફલકમનું સ્થાપન કરવામાં આવ્યું

। સુરત, તા.૧૯ ।

આઝાદી કા અમૃત મહોત્સવને યાદગાર તેમજ ભવ્ય બનાવવા ભારતભરમાં 'મારી માટી, મારો દેશ' અભિયાને પૂરવેગ પકડ્યો છે. તા. ૯ થી ૧૫ ઓગષ્ટ દરમિયાન સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આ અભિયાનને વ્યાપક પ્રતિસાદ મળ્યો છે. તા.૧૭ અને ૧૮મી ઓગસ્ટે અભિયાન અંતર્ગત તાલુકા કક્ષાના કાર્યક્રમો યોજાયા હતા. મહાનગરપાલિકામાં વોર્ડ વાઈઝ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સુરત જિલ્લાની ૬૯૨ ગામો, ૯ તાલુકા પંચાયતો તથા ચાર નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકામાં મળી કુલ ૧,૦૬,૩૯૦ લોકો જોડાઈને પંચપ્રણ પ્રતિજ્ઞા લીધી હતી. વસુધા વંદન કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધીમાં ૫૪,૦૫૦ વૃક્ષોનું વાવેતર કરી ૭૨૧ અમૃત વાટિકાઓ તૈયાર કરવામાં આવી છે. વીરોને વંદન કાર્યક્રમ હેઠળ ૫૫૫ વીરો શહીદોના પરિવારોને સન્માનિત કરવામાં આવ્યા છે. સુરત જિલ્લામાં ૬૯૨ ગામોમાં ૫૬૬ ગ્રામ પંચાયતો, ચાર નગર પાલિકાઓ તથા નવ તાલુકાકક્ષાએ તથા મ.ન.પા.ના ૧૬ વોર્ડ ખાતે મળી કુલ ૫૯૫ શિલાફલકમની સ્થાપના કરવામાં આવી છે. સમગ્ર અભિયાન દરમિયાન ૧,૮૯,૦૮૯ નાગરિકોએ પોતાની સેલ્ફી લઈને અપલોડ કરી છે. કાર્યક્રમો દરમિયાન મોટી સંખ્યામાં રાષ્ટ્રપ્રેમી નાગરિકો રાષ્ટ્રગાન અને ધ્વજ વંદન કાર્યક્રમમાં સહભાગી થયા હતા. હાથમાં મુઠ્ઠીભર માટી અથવા માટીનો દીવો રાખીને એક્તા અને અખંડિતતા માટે નાગરિકોએ સામૂહિક પ્રતિજ્ઞા લીધી છે. આમ, ગ્રામ્ય વિસ્તારોમાં 'મારી માટી, મારો દેશ' અભિયાનને સફળતા મળ્યા બાદ તા.૨૦ ઓગષ્ટ સુધી સુરત મહાનગરપાલિકાના વોર્ડ વાઈઝ કાર્યક્રમો યોજાય રહ્યા છે.

## નશાના દુષણથી યુવતીના પરિવારને બેઘર થતો રોકી યુવતીને કાનુની મદદ અપાવતી ૧૮૧ અભયમ ટીમ

। રાજકોટ, તા.૧૯ ।

CALL 181
મહિલા હેલ્પલાઈન
સલાહ • બચાવ-મદદ • સૂચન-માર્ગદર્શન

શહેરના કોઠારીયા વિસ્તારમાંથી એક પિડિત યુવતી દ્વારા અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કરવામાં આવતાં ૧૮૧ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. કાઉન્સેલર શિવાની પરમાર તથા ચાલક ભાનુબેન મઢવીએ યુવતીને સાંત્વના આપી તેમની સમસ્યા અંગે વિગત મેળવી હતી. યુવતીના જણાવ્યા મુજબ તેમના પિતા રોજ નશો કરી યુવતી, તેમના માતા તેમજ ભાઈ સાથે મારપીટ કરતા હતા. ઘરમાં બચત કરી રાખેલ પૈસા છીનવીને તેનો નશો કરતા તેમજ નશો કરવા માટે વ્યાજ પર પૈસા લેતા હતાં. રહેણાંક મકાન યુવતીના માતાના નામ પર હોવાથી મકાન પોતાના નામ પર કરાવવા માટે બળજબરી અને હેરાનગતિ કરી ધમકી આપતા હતા. દીકરી ઘરખર્ચમાં મદદ કરવા માટે પાર્ટ ટાઈમ નોકરી કરતી પરંતુ, પિતા મારપીટ કરી તેનો પગાર પણ છીનવી લેતા હતા. આ પરિસ્થિતિમાં અંતે આખા પરિવારને બેઘર થવાનો ડર તેમજ રોજબરોજના ત્રાસથી કંટાળી જઈ કોઈ રસ્તો ન સુઝતા પીડિતાએ કોઈ અનાવશ્યક પગલું ન ભરતાં સમજદારી દાખવી અભયમનો સંપર્ક કર્યો હતો. અભયમ ટીમે તેમના પરિવારનું કાઉન્સેલીંગ કરી તેમને સમસ્યાના સમાધાન માટે કાયદાકીય માહિતી આપી હતી. ઉપરાંત,તેમને વ્યવસ્થિત કાનુની સલાહ અને સરકારી વકીલની જરુરીયાત જણાય તો તેની પણ માહિતી પૂરી પાડી હતી. યુવતીને પિતા અંગે પોલિસ સ્ટેશન ખાતે કાયદાકીય કાર્યવાહી કરવી હોવાનું કહેતા તેમને પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ માટે યોગ્ય મદદ અપાવી હતી. અને સાચા અર્થમાં યુવતી તથા તેના પરિવારના મદદગાર સાબિત થયા હતા.

## રાજપીપળા ખાતે સાંસદ અને ધારાસભ્ય દ્વારા રિંગરોડનું ભૂમિપૂજન કરાયું

। દીપક જગતાપ રાજપીપળા, તા.૧૯ ।

કરજણ નદી ઓવારાથી સ્મશાનઘાટ થઈ તડકેશ્વર મંદિર સુધીના ૬ કી. મી સુધીની લંબાઈના રિંગરોડ યોજનાનું આજે સાંસદ ગીતાબેન રાઠવા અને ધારાસભ્ય દર્શના બેન દેશમુખના હસ્તે ભુમીપુજન કરાયુંહતું. ઉલ્લેખનીય છે કે કરજણ નદી કિનારાના રિંગરોડને હાલ કરતા પહોળો કરવાની ખેડૂતોની તેમજ આમ જનતાની વર્ષો જૂનીમાંગ હતી. જે માંગના આધારે ગુજરાત સરકારે રૂા.૧૫ કરોડ ૯૪ લાખના રિંગરોડના નવીની કરણ માટે મંજુર કરતા નદી કિનારે ભુમીપુજન સાંસદ ગીતાબેન



રાઠવા તેમજ ધારાસભ્ય ડો.દર્શના દેશમુખ દ્વારા કરાયું હતુ. આ રિંગરોડનાનવીનીકરણથી નદી કિનારાના ખેડૂતોને રાહત થશે.

## આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. ઊંડી લાગણી ધરાવતા પ્રેમનો અત્યાનંદ તમે આજે અનુભવશો. તેના માટે થોડો સમય ફાળવો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે. પૈસા ની બાબત માં તમારે પરિવાર ના બધા સભ્યો ને સ્પષ્ટ રહેવા ની સલાહ આપવી જોઈએ. તમે તમારા સમય ને તમારા હૃદય ની નજીક ના લોકો સાથે વિતાવવા નું અનુભવો છો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. મિત્રો સાથેની પ્રવૃત્તિઓ માણવાલાયક હશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે સ્વાસ્થ્યની દષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યુ હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે અન્યોની જરૂરિયાત તમારી ઈચ્છામાં હસ્તક્ષેપ કરશે આથી પોતાનું ધ્યાન રાખો-તમારી લાગણીઓને દબાવો નહીં અને હળવાશ અનુભવવા માટે તમને જે ક્રમમાં ચીજો કરવી ગમે છે તેમ કરો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. આજે તમારા માતા-પિતા તમારા જીવનસાથીને કોઈક ખરેખર અદભુત આશીર્વાદ આપશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે આજે તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરવાની જરૂર નથી. તમારી આસપાસના લોકો તમારું મનોબળ તથા જુસ્સો વધારશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે. તમારૂં પ્રેમ જીવન આયુષ્યભરના બંધનમાં પરિણમશે અને લગ્નનો પ્રસ્તાવ મળશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. કેટલાક માટે નવો રૉમાન્સ તેમનો ઉત્સાહ વધારશે તથા તેમને ખુશખુશાલ મિજાજમાં રાખશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે.

### રોકાણકારોની આતુરતાનો અંત

# જિયો ફાઈનાન્શિયલ સર્વિસિસના શેર ૨૧ ઓગસ્ટે લિસ્ટ થશે

। નવી દિલ્હી, તા.૧૯ ।

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાંથી તાજેતરમાં ડિમર્જ થયેલી કંપની જિયો ફાઈનાન્શિયલ સર્વિસિસના શેર ૨૧ ઓગસ્ટે શેરબજારમાં લિસ્ટ થવાના છે. જે શેરધારકો પાસે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર છે તેમને ૧:૧ના રેશિયોમાં જિયો ફાઈનાન્શિયલ સર્વિસિસના શેર મળ્યા છે અને ગયા અઠવાડિયે જ તેમના ડિમેટ એકાઉન્ટમાં શેર જમા થઈ ગયા છે. એટલે કે ૨૦ જુલાઈની રેકોર્ડ ડેટ પર જે લોકો પાસે રિલાયન્સ ઈન્ડ.ના શેર હતા તેમને તેટલી જ સંખ્યામાં JFSLના શેર મળશે. BSEએ જણાવ્યું કે ૧૦ ટ્રેડિંગ દિવસ સુધી આ શેર ટ્રેડ-ફોર-ટ્રેડ સેગમેન્ટમાં હશે અને સોમવારે JIOFINના સિમ્બોલ સાથે તેમાં ટ્રેડિંગ શરૂ થઈ જશે. રેકોર્ડ ડેટ પર સ્પેશિયલ પ્રાઈસ ડિસ્કવરી સેશન યોજાયું હતું જેમાં આ શેરની પ્રિ-લિસ્ટિંગ પ્રાઈસ ૨૬૧.૮૫ રૂપિયા પ્રતિ શેર ઉપજી હતી. બ્રોકરેજે આ શેરનો ભાવ ૧૯૦ રૂપિયા રહેવાની અપેક્ષા વ્યક્ત કરી હતી જેની તુલનામાં પ્રિ-લિસ્ટિંગ પ્રાઈસ ઉંચી આવી છે. રિલાયન્સ ઈન્ડ.નો એક્વિઝિશન કોસ્ટ પ્રતિ શેર ૧૩૩ રુપિયા થાય છે. તેના કારણે NBFC કંપની જિયો ફાઈનાન્શિયલ સર્વિસિસની માર્કેટ કેપિટલાઈઝેશન ૧.૬૬ લાખ કરોડ અથવા ૨૦.૩ અબજ ડોલર આંકવામાં આવે છે. આ ભાવે તે ભારતમાં બીજા ક્રમની સૌથી મોટી NBFC છે અને ભારતની ૩૨મી સૌથી વધુ વેલ્યૂ ધરાવતી કંપની છે.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે મિશન ચંદ્ર સ્પર્ધા યોજાઈ



ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી ખાતે મિશન ચંદ્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. ચંદ્ર હંમેશા આપણી કલ્પનાઓમાં અને આપણા દિવસોમાં વિશેષ સ્થાન ધરાવે છે. પુરાણો, લોકકથાઓથી લઈને સાહિત્યિક રચનાઓ અને ખગોળ વિજ્ઞાનમાં પણ ચંદ્ર હંમેશા આપના જીવનનો મહત્વનો ભાગ રહ્યો છે.

પરંતુ દૂરથી ચમકતા ચંદ્ર પર શું છે? અને ત્યાં કેવી સ્થિતિ છે તેના અંગે સચોટ માહિતી હજુ સુધી કોઈને મળી શકી નથી. ત્યારે આ માહિતી એકત્ર કરવા માટે ઈસરો દ્વારા ૧૪ જુલાઈએ ચંદ્રયાન-૩નું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. અને ભારતનુ ગૈરવ ચંદ્રયાન-૩નું લેન્ડર હવે ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડ થવા જઈ રહ્યું છે.

જેને લઈને ઈસરો, કન્ટ્રોલર ઓફ કોમ્યુનિકેશન એકાઉન્ટ્સ -ગુજરાત, ગુજકોસ્ટ અને ગુજરાત સાયન્સ સિટીના સંયુક્ત ઉપક્રમે મિશન ચન્દ્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સમગ્ર ગુજરાતમાંથી જુદી જુદી એન્જિનિયરિંગ કોલેજના ખગોળશાસ્ત્રમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જુદી જુદી કોલેજોના વિદ્યાર્થીઓએ પોતાની જાતે બનાવેલા ચંદ્રયાન-૩ના લેન્ડર અને રોવરના ડિજિટલ મોડેલ નિષ્ણાતો સમક્ષ રજૂ કર્યા હતા.

ગુજરાત સાયન્સ સિટીના ઓડિટોરિયમ ખાતે યોજાયેલી આ સ્પર્ધાનું પરિણામ ૨૨ ઓગસ્ટના દિવસે રજૂ કરાશે. જેમાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને ૧ લાખ રૂપિયા સુધીના પુરસ્કાર આપવામાં આવશે. આ ઉપરાંતતેમનેઅમદાવાદનાઈસરો કેન્દ્રમાં ઈન્ટર્નશિપની તક પણ આપવામાં આવશે.

# બુગાટી વેરોન કાર કરતાં પણ સસ્તો મળી રહ્યો છે આખો ટાપુ

। નવી દિલ્હી, તા.૧૯ ।

સ્કોટલેન્ડના પશ્ચિમ કિનારે આવેલા એક ટાપુને ૮૫ વર્ષમાં પ્રથમ વખત વેચાણ માટે સૂચિબદ્ધ કરવામાં આવ્યો છે. સ્કોટલેન્ડનો આ ટાપુ તોરસા દ્વીપ તરીકે ઓળખાય છે. ટોર્સા ટાપુ એ સ્લેટ ટાપુઓમાંથી એક છે, જે સામૂહિક રીતે દ્વીપસમૂહ બનાવે છે. ટોર્સા ટાપુ પર એક ઐતિહાસિક મહેલનું ફાર્મહાઉસ પણ છે, જે ટાપુના ઉત્તરપૂર્વ ભાગમાં છે. હાઈલેન્ડ્સના સ્કોટિશ કુળ મેકલિન પાસે ટાવર હાઉસ હતું, જે ટાપુ પર એક ખડક પર હતું.

મેકલિયન હાઈલેન્ડના પ્રથમ કુળોમાંના એક હતા. તેમની પાસે આર્ગીલમાં મોટી માત્રામાં જમીન હતી. ટોર્સા નામ નોર્સ મૂળનું છે. તેનો અનુવાદ 'થોર્સ ટાપુ' થાય છે, એક સમૃદ્ધ કુળ



ઈતિહાસ ધરાવતું સ્થળ. ટાપુ પર ઐતિહાસિક ત્રણ બેડરૂમનું ફાર્મહાઉસ છે. ફાર્મહાઉસથી તમે સમુદ્રનો નજારો લઈ શકો છો. ટાપુ પર હરણ, વાદળી સસલા, સમુદ્રી ગરુડ અને ઓટર સહિત અનેક પ્રકારના વન્યજીવો જોવા મળે છે. વેચાણની યાદીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે જંગલી પક્ષીઓ જેમ કે સ્નાઈપ, વુડકોક, બતક અને હંસ ટાપુને આકર્ષક બનાવે છે. યાદી જણાવે છે કે ટોર્સા એ એક દુર્લભ સ્કોટિશ ટાપુ સ્થાન છે જે સંપૂર્ણ શાંતિ અને ગોપનીયતા ઈચ્છતા લોકો માટે સ્વર્ગ પૂરું પાડશે.

આ વેચાણ તમને સુંદર ટાપુના માલિક બનવાની તક આપે છે. આ ટાપુ પરથી સ્કોટ-લેન્ડ પહોંચવું પણ ખૂબ જ સરળ છે. આ ટાપુનો ઉપયોગ પશુઓ અને ઘેટાં ઉછેર તેમજ ખેતી માટે કરવામાં આવે છે. ટોર્સા ફાર્મહાઉસને હોલિડે હાઉસ તરીકે ચલાવવામાં આવે છે. લિસ્ટિંગ અનુસાર, ફાર્મહાઉસને અડીને આવેલી કેટલીક ઈમારતોને વધારાના રહેણાંક આવાસમાં રૂપાંતરિત કરી શકાય છે. ટાપુની કિંમત ૧૯ લાખ ડોલર એટલે કે ૧૫.૭૯ કરોડ રૂપિયા જણાવવામાં આવી છે. લંડનમાં મોટાભાગના ઘરોની કિંમત આના કરતાં ઘણી વધારે હશે. એટલું જ નહીં, તે ભારતમાં ઉપલબ્ધ સૌથી મોંઘી કાર બુગાટી વેરોન કરતાં પણ સસ્તો છે. ભારતમાં વેરોનની કિંમત ૧૬ કરોડ રૂપિયા છે. ટોર્સા એલેનાબેઈચથી આઈલ ઓફ સેઈલ્સ સુધી નાની હોડી દ્વારા પહોંચી શકાય છે. આઈલ ઓફ સેઈલ મધ્યયુગીન પુલ દ્વારા મુખ્ય ભૂમિ સાથે જોડાયેલ છે. ટાપુની દક્ષિણમાં અર્ડિનમીર ખાડીમાં યાટ્સ અને મોટરબોટ માટે એક જેટી પણ છે. વેસ્ટ કોસ્ટના નજારાના શોખીન શાંતિ અને એકાંત શોધી રહેલા ખરીદદારો માટે તે સ્વર્ગથી ઓછું નથી. જો તમે ઈચ્છો, તો તમે તમારા અને તમારા પરિવાર માટે રજાના વિકલ્પ તરીકે પણ આ ટાપુ ખરીદી શકો છો.



ગુરુગ્રામમાં ચોમાસાના વરસાદ પછી દિલ્હી-ગુરુગ્રામ એક્સપ્રેસ વે પર ટ્રાફિક જામમાં અટવાયેલા વાહનો.

# ૧૦ વર્ષની બાળકીની હત્યા કરીને પાકિસ્તાન પહોંચી ગયો પિતા

। નવી દિલ્હી, તા.૧૯ ।

બાળકીનો મૃતદેહ ઈંગ્લેન્ડના સરેના હેમન્ડ રોડમાંથી મળી આવ્યો હતો. સરેના પોલીસ અને ક્રાઈમ ટીમના સ્પાય સુપરિન્ટેન્ડેન્ટ માર્ક ચેપમેને આ માહિતી આપી હતી. બ્રિટિશ પોલીસે શુક્રવારે (૧૮ સપ્ટેમ્બર) દક્ષિણ પૂર્વ ઈંગ્લેન્ડના એક શહેરમાં ૧૦ વર્ષની બાળકીની હત્યાની તપાસ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે શોધખોળ શરૂ થઈ હતી. પોલીસ ઘટના સાથે જોડાયેલા લોકોમાં બાળકીના પાકિસ્તાની પિતા, તેની સાથી મહિલા અને તેના ભાઈને શોધી રહી છે. બ્રિટિશ પોલીસે જણાવ્યું હતું કે, તેઓ આરોપી ઉર્ફાન શરીફ (૪૧), બેનશ બતુલ (૨૯) અને ફૈઝલ શહઝાદ મલિક (૨૮) સાથે વાત કરવા માગે છે. અધિકારીઓ એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે કે, ૧૦ વર્ષની સારા શરીફ સાથે શું થયું. આ ત્રણેય એકથી ૧૩ વર્ષની વયના અન્ય પાંચ બાળકો સાથે ૯ ઓગસ્ટે ઈસ્લામાબાદ ગયા હોવાનું પણ સામે આવ્યું છે. ૧૦ ઓગસ્ટના રોજ સવારે ૨.૫૦ વાગ્યે ૯૯૯ પર ઈમરજન્સી કોલ આવ્યો હતો. બાદ પોલીસને સારા શરીફનો મૃતદેહ વોકિંગ, સરેના રહેણાંકના સરનામે મળી આવ્યો હતો. આ કોલ એક વ્યક્તિએ કર્યો હતો, જેને પોતે બાળકીનો પિતા હોવાની ઓળખ આપી હતી અને તે હાલ પાકિસ્તાનમાં હોવાનું સામે આવ્યું છે. ઈંગ્લેન્ડના સરેના હેમન્ડ રોડમાંથી એક મૃત બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે પોલીસે કેટલીક માહિતી આપી હતી કે, પોલીસે જણાવ્યું કે, તેઓ ત્રણ શંકાસ્પદ ગુનેગારોની પૂછપરછ કરવા માંગે છે, જેના માટે શોધ શરૂ કરવામાં આવી છે. સારાહના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન મોતનું કારણ જાણી શકાયું નથી. આ અંગે અન્ય ઘણા પ્રકારના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. તપાસકર્તાઓની ટીમે જણાવ્યું કે, શરીર પર અનેક ઈજાના નિશાન હતા, જે અલગ-અલગ સમયે લગાવવામાં આવ્યા હતા. યુકે અને પાકિસ્તાન વચ્ચે કોઈ ઔપચારિક પ્રત્યાર્પણ સંધિ નથી.

# ભેજાબાજ સાયબર ઠગનો શિકાર બની ભણેલી-ગણેલી ૨૨ જેટલી મહિલા

**ગઠિયાને ટૂકડે-ટૂકડે ૧૮ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા બાદ તેની સાથે સંપર્ક કપાઈ જતાં મહિલાને પોતે છેતરાઈ હોવાનો અહેસાસ થયો હતો**

। નવી દિલ્હી, તા.૧૯ ।

પોતાની ઓળખ યુકેના હાર્ટ સ્પેશિયાલિસ્ટ તરીકે આપનારા એક ગઠિયાએ ગુજરાતની ૨૨ જેટલી ભણેલી-ગણેલી અને સારા ઘરની મહિલાઓને પોતાની પ્રેમજાળમાં ફસાવીને તેમની પાસેથી સાડા ચાર કરોડ રૂપિયા જેટલી મસમોટી રકમ પડાવી હોવાની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અમદાવાદની એક મહિલા ડોક્ટર પણ આ ઠગનો શિકાર બની હતી, જેની પાસેથી તેણે ૧૮ લાખ રૂપિયા પડાવ્યા હતા. આ મહિલા ડોક્ટરને એમ હતું કે તે પોતાના સંપર્કમાં આવેલા યુકેના ડોક્ટર સાથે પરણીને ત્યાં સેટલ થઈ જશે, પરંતુ આ ગઠિયાને ટૂકડે-ટૂકડે ૧૮ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા બાદ તેની સાથે સંપર્ક કપાઈ જતાં મહિલાને પોતે છેતરાઈ હોવાનો અહેસાસ થયો હતો. આ મામલે તેણે પોલીસનો સંપર્ક કરતાં આ સમગ્ર કાંડ બહાર આવ્યો હતો. પોલીસનું માનવું છે કે યુકેનો આ કહેવાતો હાર્ટ સ્પેશિયાલિસ્ટ કુલ ૨૨ મહિલાઓને છેતરી ચૂક્યો છે. અમદાવાદની જે ૩૫ વર્ષીય મહિલા ડોક્ટરને તેણે શિકાર બનાવી હતી તે શહેરમાં સ્કીન સ્પેશિયાલિસ્ટ તરીકે પ્રેક્ટિસ કરે છે, જેને મેટ્રિમોનિયલ વેબસાઈટ પર મળેલા આ ઠગે પોતાની ઓળખ યુકેના હાર્ટ સ્પેશિયાલિસ્ટ ડોક્ટર દિલિપ કુમાર તરીકે આપી હતી. પોતે ભણેલી-ગણેલી હોવા છતાંય એક ઠગની જાળમાં સપડાઈ ગઈ હોવાનો અહેસાસ થતાં અમદાવાદની આ મહિલા આઘાતમાં સરી પડી હતી, શરૂઆતમાં તે પોલીસનો સંપર્ક કરવા માટે પણ તૈયાર નહોતી. જોકે, પોલીસે તેનું કાઉન્સેલિંગ કર્યા બાદ તે અરજી આપવા માટે તૈયાર થઈ હતી. પોલીસે આ મહિલાને સમજાવ્યું હતું કે કઈ રીતે આવા ઠગ કોઈને કલ્પના પણ ના આવે તે રીતે નિર્દોષ મહિલાઓને પોતાની જાળમાં ફસાવીને તેમની પાસેથી મોટી રકમ પડાવી લે છે. આ કેસની તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે આ ઠગે સોશિયલ મીડિયા તેમજ મેટ્રીમોનિયલ વેબસાઈટ્સ પર પ્રોફાઈલ્સ બનાવી રાખી હતી અને તેના દ્વારા જ તે પોતાના શિકાર શોધતો હતો. આ હોશિયાર ઠગ ૩૦ વર્ષથી ઉપરની વય ધરાવતી હોય તેવી જ ભણેલી-ગણેલી મહિલાઓને ટાર્ગેટ કરતો હતો. તેમની સાથે અમુક સમય સુધી સારી-સારી વાતો કરીને તે પોતાની જાળમાં સપડાયેલી મહિલાનો વિશ્વાસ જીતી લેતો હતો અને ત્યારબાદ મોટાભાગે મેડિકલ ઈમરજન્સીનું બહાનું કાઢીને તેમની પાસેથી રૂપિયા પડાવતો હતો.

## વિશેષ લેખ

**નામશેષ થઈ રહેલા કુદરતના સફાઈ કામદાર "ગીધ"ના ટોળાં કેમ અદ્રશ્ય થઈ રહ્યા છે?**

# પશુઓના મૃતદેહનું ભક્ષણ કરનારા પક્ષીઓના મોટા પ્રમાણમાં થતાં ઘટાડાના કારણે આપણે રોગચાળાનો સામનો કરવો પડશે

**ભારતમાં મૃત જનાવરોના માંસ પર નભતી મુખ્યત્વે બે ગીધ જાતિનું લગભગ નિકંદન નીકળી જવા પામ્યું છે**



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

સામાન્ય રીતે જ્યાં માનવો અને પક્ષુઓની ખુવારી સર્જાય ત્યારે સૌથી પહેલા ગીધનાં ટોળેટોળાં ઊમટી આવે. આકાશમાં દૂરદૂરથી ચકરાવો લઈને મડદાને જોઈને તરાપ મારતા ગીધ નુ દ્રશ્ય હવે દુર્લભ બન્યું છે.. અદૃશ્ય થઈ રહેલા અને ગીધોની ઘટતી જતી વસ્તી પર્યાવરણવિદો માટે ચિંતાનો વિષય બન્યો હતો.

પર્યાવરણની ખોરવાતી અસમતુલાને કારણે કંઈ કેટલાયેપક્ષીઓ અને પ્રાણીઓ નામશેષ થઈ રહ્યા છે ત્યારે કુદરતની નામશેષ થતી પક્ષીઓની જાતિઓમાં દીધ નુ નામ પણ ઉમેરાયું છે.

એક અભ્યાસી આંકડા અનુસાર ૧૯૮૦ના દશકામાં રાજસ્થાનના ભરતપુરના રાષ્ટ્રિય ઉદ્યાનમાં ૨૦૦૦ જેટલા ગીધ હતા. તાજેતરમાં તેની ગણના થઈ ત્યારે સફેદ પીઠ ધરાવતાંગીધોની સંખ્યા ઘટીને ૮૫ ઉપર પહોંચી ગઈ છે. આ ઉધાનનાનામશેષ થઈ રહેલા કુદરતના સફાઈકામદર "ગીધ"૨૯ ચો.મી. વિસ્તારમાં થોડા વર્ષ પૂર્વે ગીધના ૩૫૩ માળાહતા. જ્યાં આજે માત્ર૧૫થી ૨૦ માળા બચ્યા છે. જ્યારે દિલ્હીમાં સફેદ ગીધની સંખ્યા ૪૦૦થી ઘટીને ૫૦ થઈ ગઈ છે. આમ ઉત્તરોત્તર ગીધની ઘટતી જતી ચિંતાનુ કારણ બન્યું છે. ઘટતી જતી સંખ્યાનું કારણ શોધવા પક્ષીવિદોએ ઘણા પ્રયત્નો કર્યા છે. છતાં કોઈ ચોક્કસ તારણ ઉપર આવ્યું નથી. પરંતુ જુદા જુદા નીકળેલા પ્રત્યેક તારણો મહ્દઅંશે ગીધની સંખ્યા ઘટાડવા માટે કારણરૂપ બન્યા છે. ગીધનો મુખ્ય આહાર મુડદાલ માંસ છે. ખૂબ ઊંચેથી માત્ર મડદાની વાસને આધારે કે કાગડા-કૂતરા ભેગા થયા હોય તેને આધારે પોતાનો ખોરાક શોધી કાઢનાર ગીધ એક અલમસ્ત ભેંસનુંમડદું ૧૫ મિનિટમાં સફાચટ કરી નાંખે છે. માંસ આરોગવાની તેની પદ્ધતિ પણ અનોખી છે. માંસ સંપૂર્ણ આરોગી જાય પછી માત્ર હાડકાં જ બચે, બીજું કંઈ નહિ. જ્યાં માનવી પહોંચી ન શકે ત્યાં મડદા જો દિવસો સુધી સડ્યા કરે તો હવા પ્રદૂષિતથાય એમ ન થાય એ માટે કુદરતે જ ગીધને સફાઈનું કામસોંપેલું છે. કુદરતના આ સફાઈ કામદારોએ સદીઓથી પોતાનીકામગીરી દ્વારા વાતાવરણને ખરાબ થતું બચાવ્યું છે, પરંતુ ક્રમશઃ તેમની સતત ઘટતી જતી સંખ્યા ચિંતાનો વિષય બની છે. હવે માત્ર ગુજરાતમાં જ નહિ પરંતુ દેશભરમાંસંખ્યા ઘટી રહી છે.

મૃતદેહો ખાઈને પોષણ મેળવતા ગીધ કુદરતી રીતે રોગચાળોટાળવા માટે પર્યાવરણની મહત્ત્વની કડી તરીકે આવાં પક્ષીઓ કામ કરતા હોય છે. સી.એસ.ઈ. ના ડૉ.નાયરના મતાનુસાર આ રીતે પશુઓના મૃતદેહનું ભક્ષણ કરનારા પક્ષીઓના મોટા પ્રમાણમાં થતાં ઘટાડાના કારણે આપણે કદાચ ભયાનક કહી શકાય તેવા રોગચાળાનો સામનો કરવો પડે. આવી રીતે મૃતદેહોના જથ્થાનેસાફ કરીને પર્યાવરણને સ્વચ્છ રાખવામાં ગીધોનો ફાળો અમૂલ્યછે. પૃથ્વીના કોઈ પણ ભાગમાં પુર, ધરતીકંપ,



વાવાઝોડું કેજેવી આફતો આવે ત્યારે મોટી સંખ્યામાં થયેલી ખુવારીપછી મડદાનો નિકાલ આપોઆપ થાય તે માટે કુદરતે ગીધજેવા પક્ષીનું સર્જન કર્યું છે. આ આસામની કામીરંગા નેશનલપાર્ક પર બ્રહ્મપુત્રાના પાણી ફરી વળ્યા ત્યારે ગેંડાઓના મોતથયા હતા. એ વખતે ગીધોને કારણે જ મૃતદેહોનો નિકાલ કુદરતી રીતે થઈ ગયેલો. એ ઉપરાંત ૧૯૯૦માં આંધ્રપ્રદેશમાં ચક્રવાતફૂંકાયો ત્યારે પણ ગીધની ગેરહાજરી વર્તાઈ હતી. ત્યારે સંશોધકોએ અભ્યાસ હાથ ધર્યો ત્યારે ખબર પડી કે ૧૯૮૦ સુધી ત્યાંનાગંતુર તથા અન્ય જિલ્લામાં ગીધની ઘણી વસ્તી હતી. પરંતુ આવિસ્તારની ખંધા જાતિએ ગીધની સાથે તેના બચ્ચા અને ઈંડાનુંભક્ષણ કરવા માંડતા આંધ્રપ્રદેશમાં ગીધની વસ્તી નામશેષ થવા માંડી. થોડા વર્ષ પહેલા કચ્છ-સૌરાષ્ટ્રમાં વાવાઝોડુ આવ્યું ત્યારે જાન-માલની ખુવારી ભારે થઈ હતી, સુરતમાં પ્લેગ ફાટી નીકળ્યો હતો ત્યારે પણ ગીધની હાજરી કે ગેરહાજરીનો મુદ્દો પ્રકાશમાં નહોતો આવ્યો.પરંતુ ઓરિસ્સાની ઘટનાએ સૌની આંખો ખોલીનાંખી છે.

ભારતમાંથી ૯૫ ટકા જેટલા ગીધનું નિકંદન પામતી આ જાતિની સંખ્યામાં છેલ્લા પાંચ-છ વર્ષથી ઉત્તરોત્તર ઘટાડો થવાનેકારણે વૈજ્ઞાનિકો ચિંતિત થયા છે. આશ્ચર્યની વાત તો એ છે કે આપણે ત્યાં ગીધોની વસ્તી ગણતરી અંગેની કોઈસત્તાવાર માહિતી પણ નથી. એક માહિતી અનુસાર પક્ષીઓ હવે ગામડામાં દેખાતાં નથી. વિયેટનામ, થાઈલેન્ડ, લાસ જેવા ઘણાં એશિયનદેશોએ ચિંતા પ્રગટ કરી છે કે હવે તો મરેલા ઢોરના મૃતદેહ પણ ગીધોને એકઠા કરવામાં નિષ્ફળ જાય છે. આ અંગે નિરાશાના સૂર વ્યક્ત કરતા ડૉ. પ્રકાશ જણાવે છે કે જ્યારે તે પક્ષીઓ આપણી આસપાસ હાજર હતા ત્યારે કોઈએ તેમની ફિકર કરવાની દરકાર ના લીધી પણ હવે જ્યારે અદૃશ્ય થઈ ગયા છે ત્યારે આપણે ઊંઘતા ઝડપાયા છીએ. ભારતમાં મૃત જનાવરોના માંસ પર નભતી મુખ્યત્વે બે ગીધ જાતિનું લગભગ નિકંદન નીકળી જવા પામ્યું છે. આમાં સફેદ પીઠ ધરાવતા ગીધ અને લાંબી ચાંચ ધરાવતા ગીધોની સંખ્યામાં ૯૬ ટકા ઘટાડો થયો છે. જો તેમને ઉગારી નહિ લેવાયતો ભારતમાંથી ગીધનું અસ્તિત્વ મટી જશે. ગીધને નામશેષથતા બચાવવા કેટલાક પક્ષી પ્રેમીઓની એક બેઠક મુંબઈમાંયોજાઈ હતી. આ બેઠકમાં ગીધની સંખ્યાની ગણતરી હાથ ધરવાનોનિર્ણય લેવાયો હતો.તાજેતરમાં દિલ્હીમાં પર્યાવરણ ક્ષેત્રે કામ કરતી સોસાયટી ફૉર સાયન્સ એન્ડ ઍન્વાયરમેન્ટ" દર મહિને પ્રગટ થતા "ડાઉનટુ અર્થ" નામના સામિયકમાં ગીધની ઘટતી જતી સંખ્યા અંગેપ્રગટ થયેલા અભ્યાસ અહેવાલમાં જણાવાયું છે તે મુજબ ગીધનો મુખ્ય ખોરાક મુડદાલ માંસ છે. આ જુદા જુદા પ્રકારના મુડદાલ માંસના નમૂનાઓનું પૃથ્થકરણ કરાવતાં માલૂમ પડ્યું કે મુડદાલમાંસમાં D. D.T. અને B. H.C. જેવી ખતરનાક જંતુનાશક દવાઓના અંશો મોજૂદ હતા.

આ માંસ આરોગનાર મૃત પક્ષીઓના શરીરમાઆવી જંતુનાશક દવાઓના અંશો મોજુદ હતા.વૈજ્ઞાનિકોના માનવા પ્રમાણે ઢોરોના શરીરમાંથી મળતું. આ રસાયણ તેના જથ્થાનાપ્રમાણને કારણે જીવલેણ હોતું નથી પણ સતત રીતે ગીધના શરીરમાં થતો આ રસાયણોનો વધારો સરવાળે ગીધોના મોતનુંકારણ બને છે. આ ઉપરાંત આવા જતુંનાશક દ્રવ્યોના કારણેપક્ષીઓની પ્રજનન ક્ષમતામાં પણ ઘટાડો થતો હોય છે. ગીધો વર્ષે માંડ બે ત્રણ ઈંડા મૂકતા હોય છે અને આ રસાયણોના કારણે તેમની ઉત્પાદકતા ઘટવાની સાથે સાથે ઈંડાની દીવાલોપણ પાતળી પડતી હોવાનું જણાયું છે. ગીધોની ઘટતી જતી વસ્તી પાછળ અનેક બીજા ઘણા કારણો જાણવા મળ્યા છે. તે મુજબ ભરતપુરની આસપાસના વિસ્તારોમાં જોવા મળતા ગીધો રોગચાળાના ભોગ બન્યા છે. તેમનું શરીર ક્ષીણ થઈ જવાથી ઊડી શકતા નથી અને થોડા સમયમાં મોતનેશરણ થઈ જાય છે, સામાન્ય રીતે બધા ગીધો કસાઈખાનાની આસપાસ વધારે જોવા મળે છે.

## કેપ્ટન તરીકે પ્લેયર ઓફ ધ મેચ જીતનારો ભારતીય

। પોર્ટબ્લેર, તા.૧૯ ।

ભારતે ટી૨૦ સિરીઝની પ્રથમ મેચમાં આયરલેન્ડને ૨ રને હરાવ્યું હતું. આ મેચ વરસાદને કારણે પ્રભાવિત થઈ હતી. તેથી ડકવર્થ લુઈસ નિયમથી ભારતને જીત મળી હતી. આ મેચમાં કેપ્ટન જસપ્રીત બુમરાહના નામે એક ખાસ રેકોર્ડ નોંધાયો હતો. તેણે રોહિત શર્મા અને વિરાટ કોહલીની લિસ્ટમાં જગ્યા બનાવી લીધી છે. આ મેચ માટે બુમરાહને 'પ્લેયર ઓફ ધ મેચ' તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. બુમરાહ ઈજાના કારણે લાંબા સમયથી ટીમની બહાર હતો. પરંતુ તેણે પરત ફર્યા બાદ અદ્ભુત પ્રદર્શન કર્યું હતું. ફેન્સે પણ સોશ્યલ મીડિયા પર બુમરાહની બોલિંગની પ્રશંસા કરી હતી. જસ્પ્રીત બુમરાહ ટી૨૦ ફોર્મેટમાં કેપ્ટન તરીકે 'પ્લેયર ઓફ ધ મેચ' જીતનારો ભારતીય ખેલાડી બની ગયો છે. બુમરાહ પહેલા રોહિત, કોહલી અને સુરેશ રૈના આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે. ભારતીય ખેલાડીઓની લિસ્ટમાં કેપ્ટન તરીકે સૌથી વધુ 'પ્લેયર ઓફ ધ મેચ'નો એવોર્ડ જીતવાનો રેકોર્ડ રોહિત શર્માના નામે છે. તેણે ૫ ટાઈટલ જીત્યા છે. કોહલી બીજા નંબર પર છે. તેણે ૩ ટાઈટલ જીત્યા છે. બુમરાહ અને રૈનાએ એક-એક વખત આ એવોર્ડ જીત્યો છે. આયરલેન્ડે પ્રથમ ટી૨૦ મેચમાં ૭ વિકેટ ગુમાવીને ૧૩૯ રન બનાવ્યા હતા. આ દરમિયાન બુમરાહે જબરદસ્ત બોલિંગ કરી હતી. તેણે ૪ ઓવરમાં ૨૪ રન આપીને ૨ વિકેટ લીધી હતી. પ્રસિદ્ધ કૃષ્ણા અને રવિ બિશ્નોઈએ પણ બે-બે વિકેટ ઝડપી હતી. અર્શદીપ સિંહને એક વિકેટ મળી હતી. જવાબમાં ભારતે ૬.૫ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને ૪૭ રન બનાવ્યા હતા. આ પછી વરસાદ શરૂ થયો.



કેરળમાં કોટ્ટાયમ જિલ્લામાં મલેરિક્કલ ખાતે વોટર લિલીઝના સ્થાનિક તહેવાર દરમિયાન એક યુવતી ફૂલો સાથે નજરે પડે છે.

## ૨૦૨૨માં પીઓકેની મુલાકાત માટે ઉલ્હાન ઉમરને પાક. ફંડિગ કર્યું હતું

। વોશિંગ્ટન, તા.૧૯ ।

ભારત સામે છાશવારે ઝેર ઓકતા અમેરિકન સાંસદ ઈલ્હાન ઉમર ફરી વિવાદોમાં છે. ઈલ્હાન ઉમરે ૨૦૨૨માં પાકિસ્તાનના કબ્જા હેઠળના કાશ્મીરની મુલાકાત લીધ હતી અને હવે એવો ઘટસ્ફોટ થયો છે કે, પાકિસ્તાને આ મુલાકાત માટે ફંડિંગ આપ્યુ હતું. અમેરિકાના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે, પાકિસ્તાની સરકારે ૧૮ થી ૨૪ એપ્રિલ દરમિયાન ઉમરના પ્રવાસ માટે નાણાકીય ભંડોળ પૂરુ પાડ્યુ હતુ.જેમાં રહેવાથી માંડીને ખાવા પીવાનો ખર્ચ સામેલ હતો.

ઉમર ભારત વિરોધી નિવેદનો માટે કુખ્યાત છે.પીએમ મોદીએ અમેરિકન સંસદમાં આપેલા ભાષણનો પણ આ કટ્ટરવાદી સાંસદે બહિષ્કાર કર્યો હતો. તેઓ ભારતની વિદેશી મંચો પરથી ઘણી ટીકા કરી ચુકયા છે.ભારતમાં મુસ્લિમો પર અત્યાચાર થઈ રહ્યા છે , તેમના માનવાધિકારનુ ઉલ્લંઘન થઈ રહ્યુ છે.તેવુ ભડકાઉ નિવેદન પણ ઉમર આપી ચુકી છે.

સ્વાભાવિક છે કે, પાકિસ્તાનને ઈલ્હાન ઉમર પર તેમના ભારત વિરોધી વલણના કારણે પ્રેમ ઉભરાઈ રહ્યો છે.તેમના પાકિસ્તાની કબ્જા હેઠળના કાશ્મીરના પ્રવાસ અંગે જે તે સમયે ભારતે સોય ઝાટકીને કહી દીધુ હતુ કે ભારતની અખંડિતતાનુ ઉલ્લંઘન કોઈ કરી શકે તેમ નથી.

### ભારત-આયરલેન્ડ પ્રથમ ટી૨૦

# આયરલેન્ડ સામે ડકવર્થ લુઈસથી ભારતનો વિજય

### આયરલેન્ડે ૧૩૯/૭નો સ્કોર કર્યો જેના જવાબમાં ટીમ ઈન્ડિયાએ ૬.૫ ઓવરમાં ૪૭/૨ રન બનાવ્યા હતા

। પોર્ટબ્લેર, તા.૧૯ ।

ભારત અને આયરલેન્ડ વચ્ચેની ટી૨૦ સિરીઝની પ્રથમ મેચ ડકવર્થ-લુઈસ પદ્ધતિ હેઠળ ભારતે બે રને જીતી લીધી હતી. આ જીત સાથે ટીમ ઈન્ડિયાએ ત્રણ મેચની સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. આયરલેન્ડે પ્રથમ બેટિંગ કરતા ૧૩૯/૭નો સ્કોર કર્યો હતો. જેના જવાબમાં ટીમ ઈન્ડિયાએ ૬.૫ ઓવરમાં ૪૭/૨ રન બનાવ્યા હતા. આ પછી વરસાદ પડ્યો અને આગળની રમત થઈ શકી નહીં. અમ્પાયરોએ ભારતીય ટીમને ડકવર્થ-લુઈસ પદ્ધતિ હેઠળ વિજેતા જાહેર કરી હતી. બુમરાહે મેચની પહેલી જ ઓવરમાં બે વિકેટ લઈને આયરલેન્ડની શરૂઆત બગાડી હતી. માત્ર બુમરાહ જ નહીં, પરંતુ ઈજા બાદ પરત ફરેલા અને પોતાની પ્રથમ ટી૨૦ ઈન્ટરનેશનલ રમી રહેલા પ્રસિદ્ધ કૃષ્ણાએ પણ બે વિકેટ લઈને જોરદાર પ્રદર્શન કર્યું હતું. પ્રસિદ્ધે પણ પ્રથમ ઓવરમાં જ વિકેટ લીધી હતી.

આમ છતાં બેરી મૈકાર્થીએ અણનમ ૫૧ રન બનાવ્યા અને આયરલેન્ડે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૩૯ રન બનાવ્યા. બુમરાહે ૨૪ રનમાં બે વિકેટ લીધી હતી. તેણે ઈનિંગ્સની ૧૯મી ઓવરમાં માત્ર ૧ રન આપ્યો હતો. રિંકુ સિંહે પણ ટી૨૦ ઈન્ટરનેશનલ ડેબ્યૂ કર્યું હતું, પરંતુ તેને બેટિંગ કરવાની તક મળી ન હતી.

આયરલેન્ડની મુશ્કેલીઓ ત્યાં જ સમાપ્ત ન થઈ હતી. ડોકરેલ (૧) અને માર્ક અડેયર (૧૬) આઉટ થતાં આયરલેન્ડની ૫૯ રનના સ્કોર પર ૬ વિકેટ પડી ગઈ હતી. ત્યારબાદ કર્ટિસ કેમ્ફર અને બેરી મૈકાર્થીએ ૪૪ બોલમાં ૫૭ રનની ભાગીદારી કરીને આયરલેન્ડને ૧૦૦ની પાર પહોંચાડી હતી. અર્શદીપે કેમ્ફરને બોલ્ડ કરીને આ ભાગીદારીને તોડી હતી. કેમ્ફરે ૩૩ બોલમાં ત્રણ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૩૯ રન બનાવ્યા હતા. મૈકાર્થી ૩૩ બોલમાં ચાર ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૫૧ રન બનાવીને અણનમ રહ્યો હતો. ૧૪૦ રનના લક્ષ્યનો પીછો કરતા યશસ્વી જયસ્વાલ અને ઋતુરાજ ગાયકવાડે ભારતને સારી શરૂઆત અપાવી હતી. બંને બેટ્સમેનોએ ૩૮ બોલમાં ૪૬ રનની ભાગીદારી કરી હતી, પરંતુ ક્રેગ યંગે પ્રથમ ૨૩ બોલમાં ૨૪ રન બનાવનાર યશસ્વી અને તેની પહેલી જ ઓવરમાં તિલક વર્મા (૦)ને આઉટ કર્યા હતા. વરસાદના કારણે રમત બંધ થઈ ત્યારે ગાયકવાડ ૧૬ બોલમાં ૧૯ અને સંજુ સેમસન ૧ રને અણનમ હતા. આગળની રમત થઈ શકી નહીં અને ભારત મેચ જીતી ગયું હતું.

### કોરોના બાદ મૃત્યુ પાછળના કારણો જાણવા અભ્યાસ

# અચાનક મૃત્યુ પામનારાના કેસ પર ICMRની નજર

### અભ્યાસ મહામારીના કહેરના પરિણામોને સમજવામાં અને ભવિષ્યમાં થનારા મૃત્યુઓને રોકવામાં મદદ કરશે

। ગાંધીનગર, તા.૧૯ ।

ભારતની ટોચની મેડિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ આઈસીએમઆરએ કોરોના બાદ દુનિયામાં યુવાઓના વધી ગયેલા અચાનક મૃત્યુ પાછળના કારણોને જાણવા અને સમજવા માટે બે મહત્ત્વપૂર્ણ અભ્યાસ શરૂ કર્યા છે. આસીએમઆરના જનરલ ડિરેક્ટર ડૉ. રાજીવ બહલ ૧૮ થી ૪૫ વર્ષની વયે થનારા મૃત્યુની તપાસ માટે આ રિસર્ચ કરી રહ્યા છે. ગુજરાતના ગાંધીનગરમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ)ના ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સમિટ (જીસીટીએમ)ના અવસરે ડૉ. રાજીવ બહલે કહ્યું કે અમે કોઈ કારણ વિના જ અચાનક મૃત્યુ પામી જનારા કેસ પર ઝીણવટપૂર્વક નજર રાખી રહ્યા છીએ. તેમણે કહ્યું કે આ અભ્યાસ આપણને કોરોના મહામારીના કહેરના પરિણામોને સમજવામાં મદદ કરશે અને ભવિષ્યમાં થનારા મૃત્યુઓને રોકવામાં મદદ કરશે. આઈસીએમઆરએ 'અચાનક મૃત્યુ' ની વ્યાખ્યા જણાવતા કહ્યું કે કોઈ એવા વ્યક્તિનું અનપેક્ષિત મૃત્યુ થઈ જવું જેને કોઈ બીમારીની જાણકારી નહોતી અને તે સ્વસ્થ હતો. અત્યાર સુધી આઈસીએમઆરએ નવી દિલ્હીમાં એઆઈઆઈએમએસમાં ૫૦થી વધુ શબ અને ટેસ્ટનો અભ્યાસ કર્યો છે. આગામી મહિનાઓમાં આ આંકડો વધારીને ૧૦૦ પરીક્ષણ સુધી લઈ જવાનું છે. ડૉ. બહલે કહ્યું કે અમે આ શબના પરિણામોની તુલના ગત વર્ષો કે કોરોના પહેલાના વર્ષોના પરિણામો સાથે કરીએ છીએ અને પછી અમે કારણો કે અંતરને સમજવાનો પ્રયાસ કરીએ છીએ. આઈસીએમઆરએ સમજવા પ્રયાસ કરી રહ્યો છે કે શું ખરેખર માનવ શરીરની અંદર કોઈ બદલાવ થઈ રહ્યો છે જે કોરોના બાદ દુનિયામાં યુવાઓના અચાનક થતાં મૃત્યુમાં ભૂમિકા ભજવી શકે છે? ડૉ. બહલે કહ્યું કે જો અભ્યાસમાં કોઈ પેટર્ન જોવા મળે તો તેનાથી આ મૃત્યુ સાથે કોરોનાને શું સંબંધ છે તે જાણી શકાશે. ઉદાહરણ તરીકે અચાનક હૃદયના ધબકારાં અટકી જવા કે ફેફસાં ખરાબ થવાને કારણે વધારે મૃત્યુ થાય છે. એક અન્ય અભ્યાસમાં આઈસીએમઆર ૧૮થી ૪૫ વર્ષની વયના લોકોમાં ગત એક વર્ષમાં થયેલા અચાનક મૃત્યુના ડેટાનો ઉપયોગ કરી રહ્યો છે.

**પત્રકાર નિમવાના છે...**

**આણંદ, ખેડા, વડોદરા જિલ્લામાં માનદ્ પત્રકારો નિમવાના છે..**

**મનિષ પ્રજાપતિ મો. 70966 59890**

## નોઈડામાં દોડતી કારમાં સનરૂફ ખોલી સ્ટંટ કરનારને ૨૬૦૦૦નો દંડ

। નોઈડા, તા.૧૯ ।

હાલ કારમાં સનરૂફનો ટ્રેન્ડ ઝડપથી વધી રહ્યો છે, તેની સાથે જ લોકો કારનું સનરૂફ ખોલીને રસ્તાની વચ્ચે ઝૂમતા પણ જોવા મળે છે. પરંતુ તાજેતરના એક કિસ્સામાં એક વ્યક્તિને કારનું સનરૂફ ખોલીને સ્ટંટ બતાવવુ ભારે પડ્યું હતું. હાલમાં જ નોઈડાના સેક્ટર ૧૮માં એક વ્યક્તિ રોડ પર દોડતી કારનું સનરૂફ ખોલીને સ્ટંટ કરી રહ્યો હતો, જેના કારણે ટ્રાફિક પોલીસે કારના માલિકને ૨૬,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. એક યુઝરે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (ટ્વીટર) પર ૧૬ ઓગસ્ટના રોજ એક વીડિયો પોસ્ટ કર્યો હતો. આ વીડિયોમાં જોઈ શકાય છે કે એક વ્યક્તિ સફેદ રંગની કારના સનરૂફમાંથી બહાર નીકળી રહ્યો હતો. રસ્તાની વચ્ચે થઈ રહેલા સ્ટંટનો આ વીડિયો સોશ્યલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો. મળેલી માહિતી અનુસાર આ ઘટના નોઈડા સેક્ટર ૧૮ની છે, જ્યાં મંગળવારે કારમાં સવાર કેટલાક લોકો આ પ્રકારનો સ્ટંટ કરી રહ્યા હતા. સોશ્યલ મીડિયા પર આ વીડિયોની નોંધ લેતા નોઈડા ટ્રાફિક પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને વાહનની ઓળખ કરી ૨૬,૦૦૦ રૂપિયાનું દંડ ફટકાર્યું હતું. આ વીડિયોમાં જોઈ શકાય છે કે એક વ્યક્તિ કારના સનરૂફમાંથી બહાર આવ્યો છે અને તે સંપૂર્ણપણે ઝૂમી રહ્યો હતો.
















માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨